GOVERNMENT OF INDIA

DEPARTMENT OF ARCHAEOLOGY

CENTRAL ARCHAEOLOGICAL LIBRARY

CALL NO. 891.53 Sun

D.G.A. 79.

Vol. 3

AN.
9097

OFFICE OF THE DIRECTOR GENERAL OF METEOROLOGY
Library Regr No
INDIA

OFFICE OF THE DIRECTOR GENERAL OF ARCHAEOLOGY
Library Regr No

THE

DINKARD.

THE ORIGINAL PÉHLWI TEXT; THE SAME TRANSLITERATED IN ZEND CHARACTERS; TRANSLATIONS OF THE TEXT IN THE GUJRATI AND ENGLISH LANGUAGES; A COMMENTARY AND A GLOSSARY OF SELECT TERMS.

BY

PESHOTUN DUSTOOR BEHRAMJEE SUNJANA.

341.5

VOL. III.

CENTRAL ARCHAEOLOGICAL LIBRARY New Delhi

PUBLISHED UNDER THE PATRONAGE

OF THE

SIR JAMSEDJI JIJIBHAI TRANSLATION FUND.

891.53 Sun

222/16

Ref 295 Sun

Bombay:

PRINTED AT THE DUFTUR ASHKARA PRESS

BY RUSTOMJEE NOWROZJEE KHAMBATTA,

87 COWASJEE PATELL STREET, FORT.

IN THE YEAR 1250 OF YEZDAJARD AND 1881 OF CHRIST.

CENTRAL ARCHAEOLOGICAL
LIBRARY, NEW DELHI.
Acc. No. 34175
Date. 9:6:58
Call No. 891.53/Sah.

PRESENTED
BY THE TRUSTEES OF THE PARSEE PUNCHAYET
FUNDS & PROPERTIES FROM THE SIR JAMSETJEE
JEJEEBHOY TRANSLATION FUND.

દીનકર્દ કેતાબ

તેહની

અસલ પેહલવી એબારત, જંદ અક્ષરે ઉચ્ચાર, ગુજરાતી તથા ઈંગરેજી તરજુમો, શરેહ, અને અગતજોગ પેહલવી શબ્દોની ફરહંગ સાથે.

બનાવનાર,

પેશોતન દસતુર બેહરામજી સંજાણા.

દફતર ત્રીજું.

સર જમશેદજી જીજીભાઈ ટરાંસલેશન ફંડના આસરા હેઠલ

છપાવી પરગટ કરેલું છે.

THE DIR... Library Regr. No ... INDIA. ... OLOGY

મુંબઈ,

દફતર આશકારા છાપાખાનાંમાં

રૂસતમજી નવરોજજી ખંબાતાચે છાપ્યું છે.

કોટ—કાવસજી પટેલ સ્ટ્રીટ, નં૦ ૮૭.

સને ૧૨૫૦ ઈઅજદજરદી.

સને ૧૮૮૧ ઈસવી.

સાંકલી ઉં.

પૃષ્ઠ.

કીહુ આદમી, ઘણીજ સારી અને ઘણીજ બુરી ઇચ્છાવાળું છે ૧૨૭
ગણેઆણુ અને સારી સહમજ વગર માંણુસના આતમાને થતાં દુઃખનાં
નીવારંણુ વીસે ૧૨૭
રોશંન અને અંધકાર ગેબી સકતીઓમાંથી, માંણુસને પસંદ કરવાજોગ અને
નાપસંદ કરવા જોગ કેહી સકતીછે, તે વીસે ૧૨૯
આદમીને આગ્યે દુનીઆંમાં, સારૂ અને નરસે મારગે ચલાવનારા વસીલા,
કીહાછે, તે વીસે. ૧૩૨
માંણુસને પાક ઓદાગ્યેતાલાના સંબંધમાં રેહવાના તરીકા વીસે.... .... ૧૩૩
આદમીની અંદર, યજદાનુ અને દેવોનું રેહઠાંણુ, કેવી પરકારનું છે, તેહની સહમજ. ૧૩૪
કેહી વસ્તુ ધનસાંનને બેહુ દુનીઆંમાં ફાગ્યેદા કરનારી, નોકસાંનથી બચાવનારી,
પાપથી છોડવનારી, પુણુથી ચહડતે દરજજેનું બનાવનારી અને સેવટે
અશો અહુરમજદની તરફ ફેરવનારીછે, તે વીસે.... .... ૧૩૭
સવાબકાર અને ગુનેહગાર આદમીઓ તથા તેઓને લગતા જુદા જુદા હોકમો વીસે. ૧૩૯
આદમીની જાતના ચેચાર વીભાગછે, તે વીસે.. .... ૧૪૨
વરસાદ અને તેહને લગતાં કાંમ તથા તે કાંમને કરનારાઓ વીસે.... .... ૧૪૩
ભલી દીનની દાંનાઈ, તેહના અલીઆશીઓને મલવાનું તથા નહી મલવાનું કારંણુ. ૧૪૭
સેવટને લગતા સુધારાના વખતમાં માંણુસનો બદીથી છુટકારો થાસે અને
અંધ્રમઇનીઉશનો અંત આવસે, તે વીસે.. .... ૧૪૮
માંણુસે, તેહની સારી કરણીથી, આવતી દુનીઆની સારી જીનદગીનું મેલવ્યું છે. ૧૪૯
માંણુસની અંદર, તેહના હોશ અને અકલને જલવનારી, ભલાંમનવાલી સકતીછે. ૧૫૦
માંણુસની અંદર, તેહને વગર ગુનાહે રેહવાની સહમજ સકતીનું રેહઠાંણુ સાથીછે,
તે વીસે.... .... ૧૫૧
હકુમતને પસંદ કરનારાં ધનસાંનને, હકુમત મલવાની સરજત વીસે.. .... ૧૫૧
દુનીઆંની વસ્તુઓને ઉગાડનારાં તત્વોને વગર નીઅમના બનવાનો સુબબ.. ૧૫૨
સબલી જાતની હયાતીથી દાદાર અહુરમજદની બુજોરગીછે.. .... ૧૫૪
અહુરમજદની ઇચ્છા, વીચાર સાથનીછે. ૧૫૫
દુનીઆંમાં સારી દીન અને તેનાં મુલથી ફાગ્યેદા થાગ્યેછે, અને બુરી દીન અને
તેના મુલથી નોકસાંનનો ઉપદરવ થાગ્યેછે, તે વીસે.. .... ૧૫૬

આએ દુનીઆંની વસ્તુ તથા તેહને લગતી પેદાએશ ઉપર, કુદરતથી થતાં સઘલાં કાંમોને લગતો, વીગતવાર ઓલાસો. ૧૫૯
દુનીઆંને લગતી લડાઈ, તેની જગા, તેમાં જોડાનાર, તેના માલિક, તેના લડવયા, તેને દાખી નાંખનાર, તેથી છુટકારો આપનાર, તેથી ઈજા પાંમનાર, તેને ચાલુ રાખનાર અને તે લડાઈથી આવનારાં સેવટ વીસે.... .... ૧૬૫
આએ દુનીઆં, ભલી દીનની ચહડતી કલાએ, બુરી દીન તથા તેને લગતી ઘાતથી, કેમ શુધરી શકે ? અને તે દીન પાલનારાઓ તથા તેને ચાલુ રાખનારાઓનો શુધારો કેમ થાએ? તે વીસે.... .... ૧૬૬
બદી અને દેવની દીનનું જાહેર થવું, એક ઉલટ્યું મુલથીછે. ૧૬૭
દુનીઆંની સરવે પેદાએશ, પાક ઓદાએતાલાની મોહતાજદારછે, સરવે ચીજની અંદર તે સાહેબછે, અને સરવેને તે ચલાવેછે, પણ તે સાહેબ કોઈનો મોહતાજદાર તથા કોઈથી ચાલવાજોગ નથી ૧૭૦
માંણુસની જીનદગીનો શુધારો કેમ થાઈ શકે ? ૧૭૦
કીહુ રાજ અંધમઈનીઉશને સંકટમાં નાંખનારૂંછે ? ૧૭૧
ઓદાએતાલાનું મોહટપણુ દરએક ચીજની ઉપરછે.... .... ૧૭૨
કેહી વસ્તુ માંણુસને પુરતી સહમજ મેલવ્વા સારૂં ધટતીછે? ૧૭૪
પેદાએશને હયાતી મલેછે અને તેહનો ફેરફાર થાએછે, તે વીસે.... .... ૧૭૫
સારા ગુણવાલા હાકમોથી દુનીઆંને ઘણો ફાએદો થાએછે, તે વીસે.. .... ૧૭૫
ભલા પાદશાહને રાજના સુધારાની કુઅમતનું તથા બલકને સુધારવાની સહમજનું મલવું, તેની અંદર શેહરેવર અમેશાસપંદની સીફત હોવાથીછે.. ૧૭૬
ઓરહને પસંદ કરનારી પેદાએશની અંદર, ઓત્તમ અને સરવેથી નીચા તરીકા વાલા લોકો કીહાછે ? તેઓ અને તેઓની ચાલચલંણ વીસે.. .... ૧૮૦

૧૦૩ ઘણીજ સારી અને ઘણીજ બુરી ઈચ્છાવાલાં આદમી વીસે ભલી દીનને લગતો ખોલાશો. ૧

જાંણવું કે, જે આદમી તેહને આવતી દુનીઆંમાં નેકીનો બદલો ૨
મલે તે સારૂં એટલું આતુર હોએ કે, પોતાની આએ દુનીઆંમાં મેલવેલી દોલતને નેકીનાં કાંમમાં ખરચવા છતાં, નેકી કરવાથી ધરાએ નહી, તે આ- ૩
દમી ઘણીજ સારી ઈચ્છાવાલું છે. અને જે માંણશ આએ દુનીઆંની દોલત એકઠી કરવાને વાજબી જાંણે, તે ઘણીજ બુરી ઈચ્છાવાલું (આદમી) છે.*



૧૦૪ ગણેઆંણ અને સારી સહમજના વધારા વગર, (માંણ- ૧
સના) આતમાને બીમારી (થાએ)છે, તે બીમારીના ઊપાએ વીસે ભલી દીનને લગતો ખોલાશો.

જાંણવું કે, (આદમીના) આતમાની બીમારી (ઈમાને રવાંનને તક- ૨
સીરવાર બનવું), એ (તેનામાં) ગણેઆંણ અને સારા ગુણ કમ હોવાએછે. અને તેથી (માંણસ) બે તરેહની બદીવાલું બનેછે. તે (બદીવાલાં માંણસ) માં એક(નું નાંમ) 'ફરેહબુતે' અને બીજાનું નાંમ 'અઈબીબુતે' છે. એમાં જે 'ફરેહબુતે' છે, તે મગરૂરી કરનારૂ (ઈનસાંન) છે, અને તે એમ વી- ચારેછે કે, (દુનીઆંમાં) તેના કરતાં કોઈ વધારે નથી; અને જે 'અઈબી- બુતે' છે તે, (અધુરા એલમથી બીજાને) તુચ્છકારનારૂં (માંણસ)છે. તે (શખ્સ) એવું ગુમાંન રાખેછે કે, બીજો કોઈ તેની બરાબર જાંણતો નથી; પણ તેથી

* આએ ઉપલી બાબતની મતલબ એવી રીતે સહમજવી કે, આદમીએ આ- એ દુનીઆમાં સારો ઉદીઓગ કરીને મેલવેલી દોલત પોતાનાં આએ દુનીઆંનાં સગવડને સારૂ વાપરવા ઉપરાંત, તેહનો મોહોટો ભાગ સારાં પુણ્યનાં કાંમો કરવા પાછલ ખરચવો, કે તેથી તેહને આએ દુનીઆમાં સંતોષ અને આવતી દુનીઆમાં શુખ્ય મલે. કારણ કે આએ દુનીઆમાં સંકટ ભોગવીને જે માંણસ દોલત એકઠી કરી જા- એછે, તેને તેથી બેહુ જેહાંનમાં શુખ્ય મલતું નથી.

પછાત પડેલો અને ઉતરતોછે. જે ઇનસાંન પોતાની દાંનાઇ અને સારા ગુણોને સારૂં હમેંશાં એવો ખેઆલ રાખેછે કે, હું જાંણું છેઉં અને પેલો જાંણતો નથી, હું પેલા કરતાં વધારે છેઉં અને તે મારીથી ઉતરતો અને ઓછોછે; તે આદમી આએ બે દુરગુણોથી, (પોતાના) આતમાને ૩ એબીઅલ તથા બીમાર કરનારૂંછે. માંટે આએ, આતમાને લગતી બે જાતની બીમારી, (જેમાં) એક (બીમારી) અભિમાંનથી, અને બીજી (બીમારી) પારકાને તુચ્છકારવાનીછે, તેને આદમીઓએ પોતાથી અટકાવ્વી;† (એવી રીતે કે) જેનો આતમાં તે (વસ્તુ) થી બીમાર હોએ, (ઇમ્માને જેનામાં તે દુરગુણો હોએ), તેણે બીજા પઢેલા શખ્સની તાબેદારીમાં રેહીને તેથી વીધારે ગણેઆંણુ અને સારા ગુણોની કેળવણી લેવી, કે તેથી, જેમ પાંણીન તંગીથી એક જાડ શુકાઇ જાએછે, તેમ તેનાં અધુરાં ગણેઆંણુનો નાસ થાએ. આએ અભિમાંન અને તુચ્છકાર કરનારાં બેહુ માંણુસની બીમા-

---

† અરદીબેહશ્ત યશ્તના પાક અવસ્તામાં, પોતા વીસે અભિમાન રાખ્વું, અને પારકાને તુચ્છકારવું, એ બે દુરગુણોને .ꯑꯔꯗꯤꯕꯦꯍꯁꯇ ꯌꯁꯇꯥ પધરિ-મધતિ, અને .ꯑꯔꯗꯤꯕꯦꯍꯁꯇ ꯇꯔꯦ તરો-મધતિનું નાંમ આપેલું છે, અને તેને માંણુસ જાતના જુરા મરજ તરીકે ગણીને, તેવાં દુરગુણ માંણુસને ઇજા અને હાંણી પોહચ્વા વીશે આપણા પેગમબરની તરફથી બદ દુઆ માંગવામાં આવેલીછે. જેમકે :— .ꯑꯔꯗꯤꯕꯦꯍꯁꯇ ꯑꯔꯗꯤꯕꯦꯍꯁꯇ ꯑꯔꯗꯤꯕꯦꯍꯁꯇ

રીનો એલાન, (એટલે જ મગરૂરી અને હંકારથી તેને શુધરવું), સંપુરંણ વીચારથીછે; કારણ કે, માંણસ પોતા વીસે પ્રમાંણીક વીચારવાલું, પુરતા વીચારવાલા ઉસ્તાદની શાગેરદી કરવાથી થાએછે; અને તેથી બીજામાં જે કાંઈ એલમ અને સારા ગુણ વધારે ઈચ્યા ઓછા અને મુતલક નહી હોએછે તે, તથા બીજામાં જેટલો એલમ તથા સારા ગુણછે તે, તેના પોતાના માંનથી, અથવા તેનાથી તે ઉતરતોછે તે, તેને નજર આવેછે. અને જેઆરે બીજો શખ્સ (એલમ હોનરમાં તેનીથી) વધારેછે એવું તેને જણાએછે તો તેને તે, પોતાની ઉપર ચહડતે દરજેનો ગણેછે, અને પોતે તેથી ઉતરતે દરજેનોછે એવું તે માંણેછે, (અને તેમ તે પોતાને) રાખેછે; અને વલી તેનાં કરતાં બીજો શખ્સ, જે કાંઈ વધારે જાંણતો હોએચ તો, તે (આદમી પોતાને) નહી જણાએલું સીખવા સારૂ, તથા પોતાના આતમાને અભિમાન અને તુચ્છકાર કરવાના મરજ (ઈચ્યાને તકસીર) થી છુટકારો આપવાનો એલમ હોનર મેલવ્વા સારૂ, પેલા (વધારે શીખેલા) ની તાબેદારી કરેછે.

૧૦ (માંણસને) પસંદ કરવાજોગ, રોશનીવાલી (ઈચ્યાને બેહ- ૧
શતનો મારગ બતલાવનારી) ગેબી સકતીછે, અને ના-
પસંદ કરવાજોગ, અંધકાર (ઈચ્યાને દોજખનો રસ્તો
બતલાવનારી) ગેબી સકતીછે, તે વીસે ભલી
દીનને લગતો ખોલાશો.

જાંણવું કે, હયાતી ધરાવનારાં દરએક આદમીની સાથે સંબંધ ધરા- ૨
વનારી બે અનદીઠ જાત (ઈચ્યાને ગેબી સકતી) છે. અને (આએ દુનીઆંનાં) લોકો તે (બંધે ગેબી સકતીઓ) ની મારફતે, પોતાની હયાતીને સીનગાર આપનારાં તથા બે તરેહની બતલબ ધરાવનારાં અને બે જાતનાં કાંમ કરનારાંછે. જેઆરે પેદાએશને પેદા કરનાર (દાદાર) ની તરફથી, ખલકે મીનોઈ (જેહાંન) માં જનમ લીધો હતો, તેઆરે તેની સાથે, બે જાતની બતલબ ધરાવ્વાનો તથા બે તરેહનાં કાંમ કરવાનો સંબંધ હતો નહી;*

* આએ ઉપર જણાવેલી રોશની વાલી તથા અંધકાર ગેબી સકતીને આપણા પાક અવસ્તામાં 'સ્પન્તો મઇનીઉશ' અને 'અંગ્રોમઇનીઉશ' ને નામે જણાવેલીછે, અને ફારસી બોલનારાઓ તેને اورمزد અથવા يزدان તથા اهرمن

પંણ હયાતી ધરાવનારાં ઈનસાંનો તેમ કરવાને આએ દુનીઆંની અંદર, તેને લગતો મારગ બતલાવનારી (ઉપલી બે) ગેબી સકતીઓથી સકતીવાંન થાએલાંછે. અને (તેઓની અંદર) તે (બે જાતની) મતલબ અને કરણીનું જાહેર થવું, અગત કરીને આએ પરકારે બનેલું છે કે, જેઆરે આએ દુનીઆંની આંખ તથા કરણીથી, આએ દુનીઆંની વસ્તુનું દેખાવું તથા કરવું, (માંણશને) જાહેર થાએછે, તેઆરે બે જાતની મતલબ તથા બે તરેહની કરણીની હયાતીનાં મુળને લગતું કાંમ કરનારી બે ગેબી સકતીઓ, તેની જાતની અંદર દાખેલ થાએછે, તેમાં જે રોશનીવાલી (સ્પન્તો મઈનીઉશની) ગેબી સકતીછે તે, હયાતી ધરાવનારાં (ઈનસાંન) ની અંદર ઉપાએ કરનારો જોસ્સો આપનારી કઉઅત તરીકેછે. આએ ગેબી સકતીના સંબંધમાંથી (માંણસને) જુદું પડવું, આએ દુનીઆંને લગતી અંધકાર સકતીની તરફ તેહને એકેદમ ફરવાએછે. હમણાં, (ઈઆને આએ દુનીઆંને લગતી હયાતીની અંદર), સઘલા લોકોને આએ દુનીઆંની મારફતે શુધરવાનો, (ઈઆને આવતી દુનીઆંનાં શુખને સારૂં લાએક થવાનો), જે સબબછે, તે આએ (સ્પન્તો મઈનીઉશને નાંમે ઓલખાતી) ગેબી સકતીથીછે.

અથવા جوشرئسق ને નાંમે ઓલખેછે. આપણો પેગમબર અશો જરતોશ્ત જે [illegible] 'સ્પન્તો મઈનીઉશ' નો તાબેદાર અને [illegible] 'અંગ્રમઈનીઉશ' ની સાંહાંમને થનાર હતો, તેણે ઇજશ્તેના ૧૦ મા હાના પાક અવસ્તામાં પોતાને 'સ્પન્તો મઈનીઉશ' ના પાંચ સારા ગુણવાલાઓને લગતો, અને 'અંગ્રમઈનીઉશ' નાં પાંચ દુરગુણવાલાઓથી દુર રેહનાર તરીકે જણાવેલોછે, જેમકે:—

[illegible]

પાંચ સારા ગુણ વાલાઓને લગતો હું છેઉં, અને પાંચ દુરગુણ વાલાઓને લગતો હું નથી. સારૂં વીચારનારને લગતો હું છેઉં; બુરૂં વીચારનારને લગતો હું નથી. સારૂં બોલનારને લગતો હું છેઉં; બુરૂં બોલનારને લગતો હું નથી. સારૂં કરનારને લગતો હું છેઉં; બુરૂં કરનારને લગતો હું નથી. (અહુરમજદના) ફરમાંબરદારને લગતો હું છેઉં; (અહુરમજદની) નાફરમાંની કરનારને લગતો હું નથી. અશોને લગતો હું છેઉં; પાપીને લગતો હું નથી. એજ પરમાંણે સેવટ વેર હું રેહવશ, કે જાંહાંસુધી (આએ દુનીઆમાં સ્પન્તો મઈનીઉશ અને અંગ્ર મઈનીઉશ એ) બેહુ મીનોનો ઠરાવછે.

અંધકાર બીનો (ઇબ્લાને અંધ્ર મઇનીઉશને નામે ઓલખાતી ગેબી ૩
સકતી), મોહતની ખાસીઅત વાલી તથા પાપને લગતી કંગાલ જાતવાલીછે; તેથી તે હયાતીવાલાં ઇનસાંનમાં સંબંધ રાખવા સારૂં પોહચવાને લાએકની નથી. તેમજ જે કોઇ (ઇનસાંન) આએ દુનીઆંમાં પેદા થાએલુંછે, તે (તેના) અસલ ખવાશ*થી, તે (બુરી સકતી) ની અંદર મલવાને લાએકનું નથી; પણ ઉલટા ખવાસનાં પ્રમાંણને લીધે તેમ બનેલુંછે. વળી (આદમીઓ) પોતાને તરેહવાર રીતે દેવની જાતવાલા દેખાવનાં બનાવેછે, અને તેઓ વરૂ તથા બીજાં મકસત્રોનો અવતાર લીએછે, તેબી તેઓના જાતી ખવાસથી નથી, પણ તે (અંધકાર સકતી) ના સંબંધને લીધેછે; કારણ કે જે આદમીઓ રોશન જાતવાલાંછે, તેઓ 'કશકેરેત' (ઇબ્લાને સેવટના ગુધારા) ને મલતાંછે. બલી દીનમાં જાહેર કરેલુંછે કે, તે (રોશનીવાલા સ્પન્તો મઇનીઉશની મદદ) થી, જરતોશતનાં દોરમાં દેવો તદન અસકત અને નાપેદા થએઆ હતા† અને હોશેદરના દોરમાં વરૂનાં કાલબુદનો પુરે પુરો અન્ત આવસે તથા હોશેદરમાહના વખતમાં દંખ મારનારાંઓનાં કાલબુદનો પુરો નાસ થસે. એ ઉપરાંત બીજા જે કાંઇ દુરગુણો રોશન બુનીઆદનાં આદમીની જાતમાં દોડેછે, તેનું તેઓ વચેથી કમ થવું, જુદી જુદી જાતવાલાં (આદમીઓ) ના આતમાને (તેઓનાં) બદનથી છુટાં પડતી વખતે, તેઓને લગતી (જે વસ્તુ) આએ દુનીઆંનીછે, તે પાછી આએ દુનીઆંમાં, અને જે (વસ્તુ) બીનોને લગતીછે, તે પાછી બીનોમાં, મલી જાએછે; તેઆરે થાએછે. હોશેદરમાહના દોરની આખેરીએ, ફ્રતેહમંદ સોશીઓસના આવવાથી, આદમીઓની જાતમાંથી દરૂજ (ઇબ્લાને બદી) નો સંબંધ એકેદમ શાફ થસે, તુટસે અને ઘટી જસે.‡

---

* અસલ ખવાસની મતલબ એછે કે, ઇનસાને અશો અહુરમજદની તરફથી આએ દુનીઆમાં જનમ લીધોછે, તેથી તે સાહેબે તેનામાં અંધકાર સકતીને અટકાવ્યાનાં હથીઆર તરીકે જાતી અકલ—વીદીઆ—સારો ખવાસ—ઉમેદ—સંતોષ—દીન—અને વીદવાંનોની સાથે પુછપરછ કરવાનો શોક ઇત્યાદી વસ્તુઓ બક્ષીશેલીછે, માટે તેહને આધારે ચાલનારાં ઇનસાનોનો 'જાતી ખવાસ' સ્પન્તો મઇનીઉશને લગતોજ હોવો જોઇએ; પણ જેઆરે તે સઘલાંને તરક કરીને માંણસ અંધકાર સકતીની તર્ફ બુરાં મનની મારફતે ખેંચાએછે, તેઆરે તે, પોતાના અસલ ખવાસથી ઉલટું બનેછે.

† જુવો દફતર પેહલ્લાંને સફે ૪૭ મે આપેલી બીજી નોટ.

‡ જુવો દફતર પેહલ્લાંને સફે ૨૯ મે આપેલી નોટ.

૧ ।૦૧ આદમીને (આએ દુનીઆંમાં) સરવેથી સરસઆને સર-
વેથી નરસ હાલતમાં ચલાવનારા વસીલા વીસે
ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, (આએ દુનીઆંની અંદર) આદમી કેટલીએક (બદીની) આમેંજશ ભરેલી હાલત છતાં, પોતાને જે સરવેથી સરસ રીતે ચલાવનારૂં બનેછે, તે તેની જાતી બુદ્ધિથી પુરતી તપાસ રાખીને ચાલવાએછે. અને તે સરવેથી બુરી હાલતમાં પોતાને ચલાવનારૂં પાપી સકતીને લીધેછે; માંટે આએ બે તરેહની ચાલ વાલાં (ઈનસાંનો) ની અંદર, જે ઉસ્તાદ તેઓને એલમ તથા કીહું કાંમ કરવું અને કીહું નહી કરવું ઈત્યાદી તરંણ વસ્તુઓને સીખવનારોછે તે, તેઓનો દોસ્ત* (ઈઆને હેતુ) છે. અને જે હાકમ હકુમતની મારફતે તેઓને ગુનાહથી અટકાવનારો, આતમાનું રખ્શન કરનારો અને સંકટમાં તેઓને મદદ આપનારોછે, તે તેઓનો ઉપરી ગણાએછે.† માંણુસને સારૂં દરએક ઠેકાંણે જે પેહલ્લે દરજ્જેની સરવેથી સરસ વસ્તુછે, તે જાતી બુદ્ધિછે; તથા જે કોઈ જાતી બુદ્ધિની અંદર ઉતરતું હોએછે, તેહને સારૂં બીજે દરજ્જેની ઓતમ વસ્તુ, વીદિયા અભિઆશછે; અને જે કોઈ વીદિયા અભિયાશ વગરનું (માંણુસ) હોએછે, તેને સારૂં તરીજે દરજ્જેની ઓત્તમ વસ્તુ, તેણે હમેશાં શું કરવું અને શું નહી કરવું ઈત્યાદી સીખવનારો (તેનો) દોસ્તછે. તેમજ જે (ઈનસાંન) આએ ઉપલી (તરંણે વસ્તુ) વગરનું હોએછે, તો તેને સારૂં ચોથે દરજ્જેની સરવેથી સરસ
૩ વસ્તુ, તેને ગુનાહ (કરવા) થી અટકાવનારો હાકમછે. જો કશુ (આદમીને સારૂં) આએ (ઉપલી વસ્તુઓ) નહી હતેતો, તે સરવેથી સરસ જીનદગી ગુજારનારૂં કાંહાંથી બનતે ? તેમજ તે લાંમબી જીનદગી ગુજારી સકતે નહી; પણ એ ઓત્તમ વસ્તુઓ ખોવાએ, તે (ઈનસાંન) નાસ પાંમેલું થાત અને તે સરવેથી વધારે બુરાઈમાં ચલાવનારી પાપી સકતીની અંદર પોહચીઉં હોત.

---

* આએ દોસ્ત–તે આપણા પાક મજહબની કેળવણી આપનારા દથતુરને શહમજવો.

† આએ ઉપરી અથવા હાકમ તેહને શહમજવો કે જેહની હકુમતનો આધાર અને ચલણ આપણા મજહબને મલતું હોએ.

૧૦૧ (માંણુસને) ખેાદાએતાલાની નજદીકી (ઈમાને સંબંધ)માં રેહવાના તરીકા વીસે ભલી દીનને લગતેા ખેાલાસેા.

જાંણવું કે, (માંણુસેાને) પાક ખેાદાએતાલાની હજુરમાં રેહવાનેા મારગ દાંનાઈ અને ઈમાંન એ બે ચહડતે દરજ્જેની વસ્તુની મારફતેછે, અને એ બેહુ વસ્તુને (પેાતાથી) દુર કરવાએ, તેએા આએ દુનીઆંની નેકીથી, તેમજ આવતી દુનીઆંની નેકી (ઈમાને શુખ) થી, વેગલાં રેહછે. (સઘળી દુનીઆં તરંણ જાતનાં મકાંનની અંદર વેહચાએલીછે, તેમાં)* એક દોજખને નાંમે ખેાલખાતું મકાંનછે, તાંહાં ગુનાહની આલુદગીને માટેની કુશેશ કરનારા દેવદરૂજોને અને પાપીએાના રવાંનને હાંકી કાહાડેલાંછે. બીજું રેાશની તથા અંધારાંવાલું-ભલાઈ તથા બુરાઈવાલું અને ખુશી તથા દેલગીરી સાથનું મકાંનછે, અને તે ગેતીને નાંમે ખેાલખાએછે. આએ મકાંન (દોજખ અને બેહશત) એ બેહુની વચ્ચેનું છે, જાંહાં શેતાંનના સંબંધવાલી ગુમરાહી-બદી અને ગમગીનીની હીલચાલ માણુસેામાં દાખેલ થાએછે; તેથી આએ દુનીઆંની પેદાએશમાં જે આદમીએા સરવેથી સરશછે, તેએા (તેવી હીલચાલની સાંમણે) લડાઈ કરનારાં તથા દુનીઆંનાં બીજાં આદમીએા જે દાદારની અગમ બુદ્ધિવાલી સકતીવાલાં નથી, તેએાને તે વીસેની સહમજ આપનારાંછે. આદમીએાને ચહડતે દરજ્જેનું કાંમ કરનારા મીનેા યજદેાની કઉઅતથી, (આએ દુનીઆંમાં) સારી જીનદગી—સારી હકુમત—(બુરાએા ઉપર) ફાવવું, આએ દુનીઆંનાં લેાકેામાંથી (સ્પન્તેા મઈનીઉશની) રેાશનીએ (ઈમાને સહમજ) કરી, (અંગ્ર મઈનીઉશની) તારીકી (ઈમાને ગુમરાહી) ને સાફ કરવી, ભલાઈની કઉઅતે કરી બુરાઈને દુર કરવી અને ખુશીનાં જોરે કરી દેલગીરીને દાબી નાંખવીછે. અને એથી આએ વચલાં મકાંનની અંદર આદમીએાને હમેશાં, (સ્પન્તેા મઈનીઉશની) રેાહશની (ઈમાને સહમજ)થી ભલાઈ અને ખુશી બરેાબર મલી સકેછે. (તરીજું) જે ચહડતે દરજ્જેનું મકાનછે, તે સઘલી રેાશની—પુરતી ભલાઈ—અને સારી ખુશીવાલાં બેહશત તથા ગરેાથમાંનનું છે, અને આએ મકાંનની કઉઅ-

* આએ વલાએઅમાં જણાવેલી મતલબને લગતી એબારત નકલ કરનારની નજર ચુકથી ઇરાંનથી આવેલી નકલમાં લખાએલી નથી.

તને અંધ્ર મઇનીઉશ ખરાબ કરે, તથા તેમાં તેની આલુદગી થાએ તે સારૂ, તેને આસમાંનની બાહેર છેક હેઠાંણુમાં (ઇચ્માને છેક ઉડાં દોજખની અંદર) કાહાડેલોછે. આસમાંનની અંદર સઘલી રોશની—સઘલી ખુશબોએ—સઘલી નેકી અને સઘલી ખુશીછે, અને તાંહાં દાદારની ચહડતે દરજ્જેની*

૬ તથા અગમ બુદ્ધિવાલી હકુમતછે.† માટે જે ધરમગુરૂઓ, આદમીઓની જીનદગી હમેશની સજા મલવાજોગ દીનથી ગુજરાવનારાછે, તેઓ ખરેખર દોજખીછે અને તેઓનો મજહબ, (માંણુસોને) બીલકુલ બુરી મદદ તથા અનીતીનો સંબંધ આપનારો અને બીનાઇ જેહાંનમાં તેઓને ભારી હલાકી પોહચાડનારોછે. કારણ કે અધુરો ધરમ કબુ સંપુરણ અને પવીતરાઇવાલો કેહવાએ નહી, પણ તે સઘલી અપવીતરાઇ સાથનો ગણાએછે.

૧ ૧૦૮ (આદમીઓની અંદર) યજદો તથા દેવોનું રેહઠાંણ કેવી પરકારનુંછે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, જે આદમીનાં રૂહની સાથે યજદો સંબંધ રાખેછે, તે (આદમીઓ) પોતે, તે યજદોની જાતને લીધે તેઓની માફક, પવીત્તર ખોરહવાલાં, બુરી સહજમજના સંબંધ વગરની દાંનાઇવાલાં, બદીના મેલાપ વગરની ભલાઇવાલાં, (દાદારનું) ફરમાન કેહનારા (બીનોયજદો) નું કેટલુંએક બલ ધરાવનારાં અને અંધકાર (ઇચ્માને ગુમરાહી) ની આમેજશ વગરનાં ખોરેહને લીધે, ઘણુંજ શુંદર, ચહડતા દેખાવવાલાં, સારી જાતવાલાં અને સારી નજરવાલા ખોરશેદ‡ ની મીસાલનાં હોએછે; જેવો કે દુનીઆંને

---

† દાદારની હકુમત આસમાંનની અંદરછે, તેહની મતલબ એમ સહજમજવી કે જે આદમીઓ આએ દુનીઆંમાં સારાં કામ કરેછે, તેઓને સારો બદલો, તેમજ જેઓ પાપી કામ કરેછે, તેઓને સજા, બીનાઇ જેહાંનમાં તે સાહેબથી મલેછે. અને તાંહાં આએ દુનીઆંની માફક માંણુસોનાં મન ઉપર 'સ્પન્તો મઇનીઉશ' અને 'અંધ્ર મઇનીઉશ' નું અકરશન નથી; માટે તાંહાં અથો અહુરમજદના ડેડાવની બાહેર કોઇને જવાની તાકત નથી.

‡ **શારી નજરવાલા ખોરશેદની** મતલબ એછે કે, શુરિયની રોશનીનો પરકાશ શુરિયની આંખ અથવા નજર તરીકે ગણુંએછે; અને તેથી તારીકી તથા બદકાર ચીજોનો નાશ થાએછે, અને પાંણીને સફાઇ, જમાનને પવીતરાઇ, ઝાડ પાંણીને વરધી અને આદમીઓને તનદરૂસ્તી મલેછે, અને તેઓના મરજો દૂર થાએછે; એટલુંજ નહી પણ સઘલી દુનીઆંનો વહીવટ તેનીથી ચાલેછે અને દુનીઆંમાં આબાદી થાએછે.

ફરાગત આપનારો (ઈચ્છાને આબાદ રાખનારો) ધરમગુરૂ, અને હાકમ હોએછે. આદમીઓ આએ દુનીઆંમાં વગર જોવે (ઈચ્છાને ધેઆંન પોહચાડેઆ વગર) ચાલેઆથી, કેટલેએક દરજ્જે આમેજશવાલી જાતનાં બનેછે; પણ જેઆરે તેઓ બુરી વકુફના મેલાપ વગરની (સ્પન્તોમઈનીઉશની) દાંનાઈએ અને પોતાની ગેબી આંખે (ઈચ્છાને વીચાર સકતીની મારફતે) સંપુરણ રીતે જોએછે, તેઆરે જીનદગીને લગતો રસ્તો કેવી પ્રકારનોછે, તે તેઓનાં ધેઆંનમાં બોહલી રીતે આવેછે. આદમીની અંદર કેટલેએક દરજ્જેની આમેજશ (ઈચ્છાને કસુર) હોવા છતાં, ગેબી વીચાર સકતી તેમાં આવી સકેછે, અને તેથી તે આદમીઓ ચેતવણી આપનારી ગેબી સકતીની મારફતે, (બોદાઈ) ફરમાંનો લોકોને જાહેર કરેછે. એટલે જે આએ દુનીઆંનાં લોકોને (દોજખથી) છુટકારો આપવા સારૂં યજદો નેક ઈચ્છા રાખનારા અને સરવે પાંતીએ સારા ખવાસનાછે, તેથી તેઓ પોતે જેવાં તેજવાલાછે, તેજ પરમાંણે બદીના સંબંધ વગરની ભલાઈને સારૂં જે ઉંનચી સકતીછે, તેહને લગતી ચહડતે દરજ્જેની વસ્તુઓ માંણુસોના મનમાં ઉતારેછે; અને તેથી તેઓને લોકોની અંદર બોરેહ અને કીરતીવાળાં કરેછે. જેમકે દાખલા તરીકે એક અકલમંદ પુરતી બખ્શીશવાળો–પાકજાત–ખુબીવંન્તો હાકેમ અથવા પાદશાહ, ઈનસાફની મારફતે આબાદી કરવાએ, દુનીઆંનાં લોકોને શુખી કરનારો, તેમજ એક પવીત્તર આતમાવાળો ધરમગુરૂ, ચહડતે દરજ્જેના ધરમની મારફતે, યજદોની મારફકના ગુણોથી, માંણુસોની એબ (ઈચ્છાને દુરગુણ તથા ગુનાહ) નું જે નીવારંણ કરનારો થાએછે, તે યજદોના સંબંધ તેહની જાતની અંદર હોવાના સબબને લીધેછે.*

---

* આએ બાબત પાક અવસ્તામાં જણાવેલી મતલબને મલતીછે; કારણ કે દુનીઆંમાં જે અચરતી ઉપજાવનારાં અને સાધારણ સકતીનાં માંણુસથી નહી બની સકે એવાં કામો જે જે પાદશાહો અને ધરમગુરૂઓએ કરેઆંછે, તે (કામો) તેઓને યજદોની બોરેહની મદદ મલવાથીજ તેઓ કરી સકેઆછે. જેમકે જમીઆદ યશ્તના ચોથા કરદામાં અશો અહુરમજદની તરફની કુદરતી સકતી આપનારાં 'કયાંનબોરેહ' વીસે જણાવેલુંછે કે :—

૩ માંણુસો વરૂ તથા ખરૂંખને લગતા જોસ્સા (ઈચ્છાને દુરગુણ) ને લીધે દેવની મીસાલનાંછે, અને તેઓની અંદર હેશમ (ઈચ્છાને ગોસ્સા) ના ઉલટા મારગવાળી ગેબી સકતીના દોડવાએ, તેઓ રોશનીના સંબંધ વગરની અંધારી (ઈચ્છાને યજદોની ખેરેહ વગરની ગુમરાહી), દાંનાઈના સંબંધ વગરની બુરી બુદ્ધિ, અને ભલાઈના મેલાપ વગરની બુરાઈના સબબવાળીં બનેછે. માંણુસો રોશનીના સંબંધ વગરની તારીકી (ઈચ્છાને યજદોની ખેરેહ વગરની ગુમરાહી) ને લીધે, ઘણાંજ નજીસ ખરૂંખની માફક, અતીશે ગુનાહ ભરેલી ચાલચલણુ-

૪ ની બુરી મદદ મેળવનારાં થાએછે. અને દાંનાઈના સંબંધ વગરની બુરી બુદ્ધિએ, તેઓ જુઠું સાંભળનારાં અને લોકોને જુઠું સહમજાવનારાંછે, અને જેમ પોતે તેથી નીચ રીતે ખરાબ થનારાંછે, તેમ તેઓ (ખરાબ કામ) બીજાઓને કરવા સીકવેછે; તથા તેઓની અંદર હેશમની ગેબી સકતીના દોડવાએ, તેઓ ચોર અને રાહમારૂતાં જેવાંછે, અને ભલાઈના મેલાપ વગરની બદીથી બુરી કઉઅત મેલવ્વાએ, તેઓ પેદાએસને હાંણી પોહચાડનારા, જીઆંગાર, બુરા જાદુગર અને દુનીઆંને ઘાત કરનારા પાપી હાકમ તથા ઠગારા ધરમગુરૂ અને

૫ વરૂ તથા ખરૂંખની માફક, દુનીઆંની નેકીને ખરાબ કરનારાં થાએછે. અને તે પાપી (આદમીઓ) જેમ આએ દુનીઆંમાં સારા ગુણોથી દુર અને એબ

અહુરમજદનાં પેદા કરેલાં ગલિબ, ઘણી આએપત મેલવનારાં, ચહુડતે દરજ્જેનું કામ કરનારાં, પરહેજમાં રાખ્નારાં, ચલકાટવાલાં, બલવન્ત અને ઉલટી પેદાએશને તોડનારાં, પાદશાહી ખેરેહની હમો ઈચ્છાદ કરીએ છઇએ; કે જે નુર, મીનોને લગતા યજદોનું અને આએ દુનીઆંમાં જનમેલા અને હવે પછી જનમ લેનારા આખેરશને લગતો શુધારો કરનારા ફાએદેમંદ લોકોનું છે.

જમીઆદ, આવાંન, દરવાસ્પ, ફરવરદીન, રામ, હોમ અને અરશીશવંગ ઇત્યાદી યશતોનાં લખાંણ ઉપરથી આપણને જણાએછે કે, આએ ઉપલાં નુરના સંબંધથી અને ઉપર જણાવેલા યજદોની મદદથી પાદશાહ હોશંગે બદકાર માંણુસોને પોતાની હકુમતને તાએબે રાખેઆં હતાં; તેહમુરસપે 'અંધમઇનીકિશને' પોતાનો તાબેદાર કીધો હતો; જમશેદે સઘલી દુનીઆં ઉપર સારી કીરતીવાલું અને દુનીઆંને આબાદ રાખનારૂં રાજ ભોગવીકું હતું; ફરેદુને જુહાક જેવા બદકાર પાદશાહને મારેઓ હતો; કેરશાસપે આલમને ઇજા દેનારાં જીઆંગાર જનવરો તથા રાખ્શશોને મારેઆ હતા; કેખ્સરૂએ બુતપરસ્તીનો નાસ કીધો હતો અને ઘણાંજ બુરાં બલવાલા પાદશાહ અફરાસીઆબને મારી દુનીઆમાં શુધારો કીધો હતો; ગુશતાસપે હકત એકલીમ ઉપર જરતોશતી દીનનો ફેલાવો કીધો હતો; અને પેગમબર અશો જરતોશતે દુનીઆમાંથી દેવોનો નાસ કીધો હતો, તથા દુનીઆંના સરવેથી કામેલ ફીલસુફોની સાથે અકલને અચરતીમાં નાખ્નારી તકરારો કરીને તથા માંણુસ જાતથી નહી બની સકે એવા મોજેજાઓ બતલાવીને, મજદીઅસ્નની દીન વીદવાંનોને કબુલ કરાવી હતી. અને એવીજ રીતની મદદથી હવે પછીના પેગમબરો હોશેદર, હોશેદર માહ અને સોશીઓશ દુનીઆમાં રીસ્તાએજને લગતા શુધારનાં કામો કરશે.

ભરેલી હાલતને લીધે દેવ-દરજના જેવાં હતાં, તેમ તે પાપીઓનો આતમા, તેઓની કાચેઆનાં મરંણ પછી, બદી અને દુરગુણના સંબંધને લીધે, પાપનાં કાંમથી, દેવોની સાથે એકમળતોછે.

૧૦૧ આદમીની ભલી પેદાએશને ગેતી અને મીનોની અંદર ફ્રાએદો કરનારી, તેને નોકસાંનથી બચાવનારી, પાપથી છુટકારો કરનારી, પુણુથી ચહડતે દરજજે પોહચાડનારી અને આદમીની બીજી (ઊલટી ચાલથી ચાલનારી) દરએક જાતને ભલાની તરફ પાછું ફેરવવાનો ઊલટ આપનારી વસ્તુ વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, ભલી પેદાએશને આએ તથા આવતી દુનીઆંની અંદર ૨
ઘણોજ ફ્રાએદો પોહચાડનાર, તથા તેને નોકસાંનથી બચાવનાર, પાપથી છોડવનાર અને પુણુની મારફતે ચહડતે દરજજેનું બનાવનારી જે (વસ્તુ) છે, તે દાંનાઈછે; કારંણ કે તે (દાંનાઈ) થી, દાહપણવાલું માણસ પોતે, ભલી દીનને લગતાં કાંમો જે સખાવત, સચ્ચાઈ, નીમખહલાલી, તાએદારી, મરવત, સંતોશ, મરદાશત (ઈચ્છાને સેહન કરવું), નીતી અને બીજાં દુનીઆંને સુધારવાનાં તથા આદમીને સવાબકાર અને પવીતરાઈવાલું બનાવ્વાનાંછે, તેને લગતા ગુણોના સબબવાલું થાએછે, અને તેમજ એક હાકમ દાંનાઈથી ખલકની જાલવણી અને તેની પરવરશી કરનારો તથા હકુંમતને લગતાં સુધારાનાં કાંમ કરનારોછે.

વલી ભલી પેદાએશને આએ અને આવતી દુનીઆંની અંદર ઘણું ૩
નોકસાંન કરનારી, તેના ફ્રાએદાને અટકાવનારી, હાંણી પોહચાડનારી, આદમીઓને સવાબકારી તથા પવીતરાઈથી પાછાં રાખનારી અને બદકારીને લગતા ગુનાહની મારફતે તેઓને ઘણુંજ બંદીવાંન કરનારી જે વસ્તુછે, તે બુરી બુદ્ધિછે; કારંણ કે તે બુરી બુદ્ધિથી, માંણસ પોતે બુરી દીન, બખીલી, જુઠાઈ, નીમખહરાંમી, લોભ, નાંફરમાંની, જોલમ, પાપ, નીરદયા, ભલી દી-

નની સાંહાંમણેની કેળવણી, ઠગાઈ, અંધાપો,† બેહરપંણુ,† અનીતી અને બીજી દુનીઆંને ખરાબ કરનારી એબોવાલું થાએછે; અને દુનીઆંને ખરાબ કરવાનો સબબ માંણુસની જુઠાઈ અને તેનો ગુનાહછે; તેમજ માણુસને જુલમ કરવાની સકતીનું જાહેર થવું બુરી બુદ્ધિથીછે.

૪ દાંનાઈનું મુલ આસ્નેખેરદ (ઈસ્માને કુદરતી અકલ) છે, અને બુરી બુદ્ધિનું મુલ ઉલટા મારગવાલો બુરો હવસછે. કુદરતી અકલને લગતા ગુણોનું મુલ પેદાનો કરનાર અહુરમજદ પોતેછે, અને જેહેને તે (ગુણો તે સાહેબે) બખ્શેલાછે, તે તેહના આતમાને પુરતી રીતે શુધરવા તથા તેહની જીનદગીને સારાં સેવટથી સંપુરંણ રીતે ગુજારવા સારૂછે. અને દાદાર પોતાની મીનોચ્યાંન મીનોને લગતી સંપુરંણ સહમજ, પુરતાં બલ, સંપુ-
૫ રંણ હકુમત અને પુરતી ભલાઈથી તે ઈનસાંનને જાલવનારછે. અને આચ્યે ગુણોથી, કેહી ચીજ નીતીનીછે, તે વીસેની આપંણને સહમજ મલવાચ્યે, આપંણ તે મુજબ પોતાને આચ્યે દુનીઆંમાં શુધારી સકીચ્યે છઈચ્યે. વલી આચ્યે દુનીઆંમાં હયાતી ધરાવનારૂં આદમી, કેહી વસ્તુથી અને કેહવી પ્રકારે પોતાને સુધારી શકે, તે વીસેની સધલી સહમજ, બે તરેહની આંખ (ઈસ્માને સહમજ શકતી) મધેની પેહલ્લી (કુદરતી અકલને લગતી સહમજ) થી તેને મલેછે. અને એ (આંખને લગતી) પુખ્ત ધારણાચ્યે, (માંણુસ) તેહની પેહલ્લી અને છેલ્લી હયાતી કેહવી પ્રકારનીછે, તેની મતલબથી વાકેફ થાચ્યેછે; અને જે કાંઈ તેને કાચ્યેદાસરનું (ઈસ્માને નીતીને લગતું) જણાચ્યેછે, તે (કરવા સારૂ માંણુસને) તે કેહેછે, અને જે કાંઈ તેને (કાચ્યેદાસરનું) નથી જણાતું, તે કરવાથી (માંણુસને) તે પાછું ફેરવેછે. જે (ઈનસાંન) નીતીની વસ્તુને પીછાંણુનારૂ હોચ્યેછે, ને, જે (વસ્તુ) તેને નોકસાંન કરનારી હોચ્યેછે, તેથી તે દુર રેહછે. વલી (જાંણવું જોઈચ્યેછે કે), જે વસ્તુ તેની મતલબ ઉપરથી (આપંણને) સહમજાઈ સકે એવી નહી હોચ્યે, (એટલે જે ભેદ ભરેલી હોચ્યે), તો તે ચીજ (આપંણી) આચ્યે હયાતીમાં સહમજી સકાવાની નથી, પણ જેચ્યારે આચ્યે દુનીઆંથી આપંણ ગુજરી જસું, તેચ્યારે તેની મતલબ આપંણને સહમજાસે; કારંણ કે જે હયાતીમાં જે વસ્તુનું દેખાવું નથી, તે વસ્તુ તે હયા-

† અંધાપો તથા બેહરપંણ તેહને સહમજવું કે, માંણુસને જે ભલી દીનને લગતાં કાંમ ઉપર ધેમ્યાંન આપવું જોઈચ્યેછે તે નહી આપે અને ભલી દીનને લગતી વાત સાંભલવી ધરેછે તેના અખ્પાડા કરે.

તીમાં જુદીછે, માટે તેનો ભરમ તે (હયાતી) માં (માણસથી) કેમ સહમજી સકાએ ? જેમકે (દાખલા તરીકે) એક શેહરની અંદર ઘોડા મુતલક નહી હોએ, અને તાંહાં કોઈ શખ્સ એમ કેહે કે હું ઘોડાને પીછાંણી સકું છેઉં, અને તે શખ્સ એવો હોએ કે તેને ઘોડાની જાતની તદન પીછાંણજ નહી હોએ તો, તેવો શખ્સ માદા ઘોડો અને નર ઉંઠ કેહવી પરકારનું થાએછે તેની સહમજ તદન ધરાવે નહી; તે શખ્સ મજકુર જાંનવરના પગ અથવા તેના હાથ પગને લગતી સખ્ત ચાંમડી વીસે શું ખોલાસો કરી શકે ?

જે ધરમગુરૂઓ મજહબને લગતી સહમજ ધરાવ્વાનો દાવો કરતા ૬
હોએ અને તેઓ જે મજહબ બદીનું મુલ તથા ગુનાહના તરીકાવાલો અને એ બને લગતા આપે કરી આએ દુનીઆંને ખરાબ કરવાને માંટેનો હોએ, તેવા મજહબની મારફતે તેઓ માંણુસોને દોજખને વાસ્તે ગુનાહ તથા એબનું કાંમ કરવા સારૂં ઠગેછે, તેઓ તેથી પોતાના આતમાને ઉંડાં દોજખની અંદર દોડાવવાને માંટેનાં તથા હમેશાલગી કોઈબી પ્રકારની દયા વગર તાંહાં રેહવાને લાએકનાછે. તે (ઠગારા ધરમગુરૂ) ઓને ભલાઈનાં મુલવાલા, પુણુવન્તા, ખલકને જાલવનાર, ખલકનાં સઘલાં આદમીઓને (દોજખથી) છુટકારો આપી (તેઓને) ખાલેસ અને હમેશની નેકી પોહચાડનારા મજહબના દસતુર તરીકે પીછાંણવા નહી; પંણ (તેઓને) જે ગુનાહથી પુર, સઘલી બુરાઈવાલો, દુનીઆંને ખરાબ કરનાર એહરેમનછે, તેના મજહબવાલા (ધરમગુરૂ) સહમજવા. જેમ પેલું ઘોડાની ઓલખ વગરનું માંણુસ, ઘોડા વીસે તેની ઓલખથી ઉલટી નીશાંણુ આપનારૂછે, તેમ આએ પરકારના ધરમગુરૂઓ, ખોદાઈ મજહબને પીછાંણુવાથી અંણજાંણા ગણાએછે.

૧૧ સવાબને ખરીદ કરવાના અને તેહનો (બદલો) મેલવ્વાના તથા ગુનાહ કરવાના તરીકાવાલાં આદમીઓ, તથા તેઓને લગતા જુદી જુદી રીતના હોકમો વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, (માંણુસને સારૂં) સવાબને ખરીદવાના અને તેનો બદલો ૨
મેળવવાના તથા સવાબ નહી ખરીદવાના અને તેહનો બદલો નહી મેળવવાના ચેઆર તરીકાછે; (એક) સવાબને ખરીદવાનો અને તેથી બદલો મે-

ળવવાનો, (બીજો) સવાબને ખરીદવાનો અને તેથી બદલો નહી મેળવવાનો; (તરીજો) સવાબને નહી ખરીદવાનો અને તેનો બદલો મેળવવાનો; અને (ચોથો) સવાબને ખરીદ નહી કરવાનો અને તેનો બદલો નહી મેળવવાનો. જે વીસેનો બોલાસો આખ્યે પરમાંણેછે કે, જેમ એક શખ્સ (આખ્યે દુની-
૩ આંમાં પોતાના ઉદીખ્યોગથી) દોલત મેળવેછે, અને તેની આખ્યેપતનો (ખરચ ઉપરાંત) વધારો કરેછે; તે દોલત મેળવવાથી તેને (આખ્યે દુનીઆંમાં) સગવડ થાખ્યેછે, તથા તેની (દોલતની) આખ્યેપત વધારવાથી તેને બુજોરગી મલેછે, તેમ (આખ્યે દુનીઆંમાં) સવાબ ખરીદ કરનારનો (આવતી દુનીઆંમાં
૪ દોજખથી) છુટકારો થાખ્યેછે, અને તેહની આખ્યેપતથી તાંહાં તેને બુજોરગ દરજ્જો મલેછે.* (બીજું) જેમ એક શખ્સ (આખ્યે દુનીઆંમાં) દોલત મેલવે, પણ તે દોલત (તેના ખરચથી) વધારે આખ્યેપતવાળી નહી હોખ્યેતો, તેથી તેને (આખ્યે દુનીઆંની હાલતમાં ફરાગત થાખ્યેછે; પણ તેની આખ્યેપતનો વધારો નહી હોવાથી, તેને (આખ્યે દુનીઆંમાં) બુજોરગી મલતી નથી. તેમ સવાબને ખરીદ કરનારૂં માંણુસ (તેનો સવાબ અને ગુનાહ બરોબર હોવાથી આવતી દુનીઆંમાં દોજખથી) છુટકારો મેલવનારૂંછે; પણ તે (સવાબની) આખ્યેપતના વધારા વગર તેને તાંહાં બુજોરગી મળતી નથી.* (તરીજું) સવાબની
૫ ખરીદી કીધા વગર આખ્યેપત સાથનો સવાબ મેલવનારૂં આદમી, (દોજખથી) છુટકારો મેલવવાની ઉમેદે કરી (દોજખથી) છુટકારો પાંમનારૂં અને (બેહશતની) બુજોરગી મેલવનારૂંછે, (એટલેજે જે આદમી દોજખનો ડર રાખી આખ્યે દુનીઆંમાં દોજખથી છુટકારો મેલવવા સારૂં સવાબનાં કાંમો પાપ વગર કરેછે, તેહને દોજખથી છુટકારો મલવા ઉપરાંત આવતી દુની-
૬ આંમાં બુજોરગ મરતબો મલેછે). (ચોથું) જે ઇનસાંન સવાબને ખરીદ-

---

* જાંણવું કે માણુસની આખ્યે દુનીઆંની દોલત જરછે, અને આવતી દુનીઆંની દોલત સવાબછે; તેથી જેમ ખરચ પરમાણેનાં જરની આવકથી આખ્યે દુનીઆમાં માંણુસને પોતાની જીનદગી ગુજરવાનું કામ ફરાગત ભરેલું થાખ્યેછે, અને સંકટમાંથી તે છુટકારો પાંમેછે; તેમ માંણુસનો સવાબ ગુનાહનાં પ્રમાંણ પ્રમાંણે હોવાથી, આવતી દુનીઆંમાં દોજખનું સંકટ તેનીથી દુર થાખ્યેછે, પણ જેની પાસે આખ્યે દુનીઆંનો ખરચ કરવા ઉપરાંત આખ્યેપતવાલી દોલત રેહતી નથી, તેને આખ્યે દુનીઆમાં બુજોરગી મલતી નથી. તેમ જે માંણુસનો સવાબ અને ગુનાહ એકસરખો હોખ્યેછે, અને ગુનાહ ઉપરાંત આખ્યેપતવાલો સવાબ તેને સારૂ રેહતો નથી, તેનો આવતી દુનીઆમાં દોજખનાં સંકટથી છુટકારો થાખ્યેછે; પણ તેને સવાબની વધારે આખ્યેપત નહી હોવાથી, બેહશતનાં મકાનને લગતી બુજોરગી મલતી નથી. અને તે મધ્યમ હાલતમાં તાંહાં રેહી સકેછે.

નારૂં તથા તેહની આબેપતનો વધારો કરનારૂં નથી, તે નથી દોજખથી છુટકારો મેલવનારૂં, કે નથી બેહશતની બુન્દેરગો ભોગવનારૂં.

વળી ગુનાહ કરવાના તરીકા તથા તેહને લગતાં (આદમીઓ) ની જે ૭
*સંખીઆછે, તે (પણ) ચેચ્યારછે. (એક) ગુનાહ કરવાએ ઈજાવાળી, પણ ૮
દોજખથી છુટકારો મેલવનારી. (બીજી) ગુનાહ કરવાએ ઈજાવાળી અને ૯
દોજખથી છુટકારો મેલવેઆ વગરની; (તરીજી) ગુનાહ કરવા છતાં વગર ૧૦
ઈજાવાળી તથા દોજખથી છુટકારો પાંમનારી. અને (ચોથી) ગુનાહ કરવા ૧૧
છતાં ઈજા વગરની પણ દોજખથી છુટકારો પાંમેઆ વગરનીછે. એમાં જે ૧૨
(પેહલી કેસમ) ગુનાહ કરવાએ ઈજા પાંમનારી અને (દોજખથી) છુટકારો મેલવનારીછે, તે એબૂ આપનાર (એહરેમન) ના સંબંધવાલાં આદમીઓનીછે, જેઓ ઈચ્છાથી (ઈમાને જાંણીજોઈને) ગુનાહ કરવાને લીધે ઈજા ભોગવનારાંછે, અને તેઓનો તેથી છુટકારો તનપસીન † ને વખતે થસે; કારંણ કે તેઓની અંદર ગુનાહ તથા જુલંમનો શોક અને (યજદાંની) દુશમની તથા ગુનાહને લગતી આલુદગીનો સબબ, એહરેમનની ઉસકેરણીએ કરેલોછે. વળી (દીનમાં) જાહેર કરેલુંછે કે સેવટને (ઈમાને રીસ્તાખેજને) વખતે દેવોનેભી જે ભારી ગુનાહનાં શંબંધવાલી એબ તેઓમાંછે તેથી છુટકારો મલસે.* જે જાત ગુનાહ કરવાથી (દોજખમાં) ઈજા ભોગ- ૧૩

† 'તનપસીન' તે રીસ્તાખેજના વખતને કેહછે, કે જે વખતે દાદારની તરફથી ગુજરેલાંઓને સેવટની કાએમા બખ્શીને તેઓને ગુનાહ વગરની શુધરેલી ચાલચલંણ વાળાં અને લોભ તથા ઈજા વૈગરનાં બનાવેઆમાં આવશે.

* રીસ્તાખેજના વખત ઉપર દેવોને ગુનાહના સંબંધવાલી એબોથી છુટકારો મલસે—તેની મતલબ આપણે એ સહમજવી કે, તે વેલા દેવ-દરૂજોની અંદર જે બુરી ખાસીઅતછે તે નીકલી જવાની નથી, પણ લોકો, કુદરતની તરફથી તેઓને બખ્શેઆમાં આવેલો સકતી મુજબ, પોતાને પવીતરાધમાં રાખવાની રીતભાંતને લીધે, અપવીત્તર ચાલચલણથી દુર રેહસે, તેમારે એહરેમન અને દેવ-દરૂજો પોતાની તરફની બુરી અસર માંણસો ઉપર ચલાવી સકવાના નથી, અને તેઓના બદ ખવાસો તેનું કાંમ કરવામાં નકામાં થવાએ, તેઓ તેથી છુટકારો પાંમેલા ગણાશે. કેમાંમતના વખત ઉપર એહરેમન અને દેવદરૂજોનો નાસ થવા વીસે 'જમીઆદ' યશતના બીજા કરદાના પાક અવસ્તામાં આએ રીતે જણાવેલુંછે.

[illegible]

તે વેલા (ઈમાને રીસ્તાખેજના વખતમાં), જે અશોઓને લગતી કેલવણી પાંમેલ આએ દુનીઆનાં લોકોછે, તેઓ મોહલ વગરનાં થસે, અને તેથી (આએ દુની-

વનારી તથા તેથી છુટકારો પાંમનારી નથી, તે દેવોનીછે. જેઓ પોતાની જ-
તીથી ઈજાવાલા તથા નાલાએક કાંમ કરવાથી વગર છુટકારાવાલાછે, અને
તેઓ રોશનીવાલી જાતની અંદર અંધારૂં કરનારા (ઈમાને માંણુસને ફ-
રેમ આપી ઉલટે મારગે ચલાવનારા) છે. વલી (દીનમાં) જાહેર કરેલુંછે કે,
અફરાસીઆબ માંણુસજાત હોવા છતાં દૈવ બનેલો હતો, તેથી તેહને આ-
૧૪ ખેરશ ગુનાહને લગતી સજાથી છુટકારો મલવાનો નથી. (જે જાત ગુનાહ
કરવાએ) વગર ઈજાવાલી અને (દોજખથી) છુટકારો પાંમનારીછે, તે આઠ
વરસની અંદરનાં દરએક બચ્ચાંની તથા વગર બુદ્ધિવાલાં માંણુસનીછે.
દરએક બચ્ચું ઉમરે નહી પોહચવાના તથા તેનાં પ્રમાંણની અંદર નાંઢલુ
હોવાના સબબથી, અને વગર બુદ્ધીવાલું માંણુસ તેહને હોશ નહી હોવાથી,
(પાપની) સજાને લાએકનું નથી; અને તેઓનું રવાંન દોજખથી છુટ-
કારો પાંમવા સાથે ખોરશેદ પાએચા (બેહશત) માં પાછું જવાને માટેનું છે.
૧૫ આદમીઓની અંદર જેઓ (દોજખની) ઈજા અને કેદ વગરનાંછે, તે
બેગુનાહ આદમીઓછે. અને તેમજ જે ખાલેસી ભરેલા મીનો યજદોછે
તેઓ ઈજા અને કેદની જરૂર વગરનાછે.

૧ ।।। આદમીની જાતના વીભાગ વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, ધણુંકરીને આદમીની જાતના વીભાગ, આએ (ઈમાને
૩ નીચે જણાવેલ્યા) મુજબ ચેઆરછે; તેમાં પેહલ્લી (જાત) અકલવાલી અને
૪-૫ (દોજખથી) છુટકારો મેલવેલી. બીજી અકલવાલી, પણ (દોજખની) બંદી-
વાંન. તરીજી અકલ અને ઉમરમાં નહી પોહચેલી નીરદોશ જાત. અને
૬ ચોથી અકલની અંદર વેહમ ભરેલી હાલતવાલી. આએ (ઉપર જણાવેલી
૭ ચેઆર જાતની) અંદર જે અકલવાલી તથા દોજખથી છુટકારો મેલવેલી
અને (આએ દુનીઆંમાં) જણમીને (તુરત) ગુજરી ગએલી (જાત) છે તે

આમાં) અથેા (માણુસ) ની આસપાસ તેને મોતમંદ કરવા સારૂં, જે દરજા (ઈમાને એહરેમન) અને તેની ૧૦૦-ગણી ઓલાદ (ઈમાને ખીજા દેવદરજો) પોહચેલાછે, તે તેથી નાસ પાંમસે.

અશો (ઈચ્છાને પાક) છે. જે જાત અકલમંદ હોવા છતાં (પોતાની) જીનદ- ૮
ગીમાં દોજખના બંદીવાન તરીકેની બને છે, તે (આખે દુનીઆંથી) ગુજરી
ગએલાં પાપી માંણુસનીછે. જે જાત અકલ અને ઉમરે પુગેલી નહી હોએ, ૯
તથા જે જણુમીને તુરત ગુજરી ગેઇ હોએ અને જે જણુમેચા વગરની હોએ તે
ખાલેસી ભરેલી (ઈચ્છાને ગુનાહ વગરની) છે. અને જે જાત પુરતી અકલ ૧૦
વગરની અને વેહમ ભરેલી હાલતમાં જીનદગી ગુજારનારી હોએચ, તે સવા-
બની ઉમેદ અને ગુનાહની ધાસ્તી (એ બંધે) ના સંબંધવાલીછે.

૧૧૮ વરસાદનું ઝરંણુ, તેહનો અસલ જથો તથા તેને પડવાનો સબબ, તેહને લગતો હોકમ કરનાર, તેને લગતું કાંમ કરનાર તથા તે કાંમ કરનારાઓનો ઊપરી, ઘાતને બરતરફ કરનારી તેહની જાતી સાકતી, (તેથી થા- તો) ફાએદો, તથા નોકસાંન, અને તેહના ના- ઢલા તથા મોહટા છાંટા, બરફ અને કરાં (પડવા) નું કારંણુ, અને તેહને લગતો વધારો, ઘટારો, ફાએદો અને નોકસાન કરનારાઓ વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, વરસાદ (ને પડવા) નું કારંણુ પેદાના કરનાર (અશો ૨
અહુરમજદ) ની તરફથીછે.* અને તે, દુનીઆંને તરેહવાર જાતની હાજતમંદી
તથા સુકાસ પોહચવાથી થતાં દુઃખનું પોતાની તરાવતની મારફતે નીવારંણુ કર
નાર તથા દુનીઆંને ખીલવનારછે. અને જે ગરમીની કઉઅત તથા પવનના ૩

* વરસાદનું વરસવું અશો અહુરમજદની તરફથીછે, તે વીસેનું વરણુન વં-
દીદાદની પાંચમી પરગરદના પાક અવસ્તામાં નીચે જણુવેલા પ્રમાંણે આપંણુને
મલેછે.

[illegible]

હું જે અહુરમજ છેઉં તે 'વોરૂકશ' દરીઆ મધેથી પવન અને બાફની
સાથે પાંણીને વરસાઉં છેઉં.

જોરની મારફતે પાંણીને જોસ્સાથી નીચાણમાંથી ઉપર લેઈજનાર તથા ઉપરથી પાછું તેના જાતી જોસ્સામાં નીચે મોકલનારા વસીલાછે, તે (ફુની-
૪ આંને) તરાવત બક્ષવાનો કારોબાર ચલાવનારા યજદોછે. તેનો સઘલો અસલ જથો દરીઆવની જાતથી બાકીના આકારવાલાં વાદલાંઓની હદવેર પોંહચેછે, અને જાંહાંસુધી તે (વરસાદ) નાં અસલ જથાનું દરીઆવની અંદરથી (વાદલાંની હદમાં) ફરી ફરીને જવું થાએછે, તાંહાંસુધી તેનું જમીન
૫ ઉપર વરસવું થાએછે. વરસાદને વીસેનો હોકમ કરનાર દાદાર અહુરમ-જદ પોતેછે, અને દાદારના હોકમથી તેને લગતું કાંમ ચલાવનાર તેશતર તથા સતવેશ સેતારો, બેહમન, અરેદુઈસુર, વાદ, હોમ, દીન, બેરેજત યજદ અને અશો લોકોનાં ફરોહરોછે.† અને આએ સઘલા કારોબાર ચલાવના-

† તેશતર વીર યશતના પાક અવસ્તામાં તેશતર અને તેહની સાથે વરસાદ વરસાવ્વાને લગતું કાંમ કરનારા બીજા યજદો વીસે નીચે જણાવેઆ મુજબ વરણુન આવેલું છે.

* * *

તે (તેશતર) હીમતવાંન, સુનદર, ઉન્ડાં અને બોહોલાં પાંણી વાલા 'વોરોકશ' દરીઆની આસપાસ પાકજાત ઘોડાથી ફરેછે, અને તાંહાંથી તે પાણીને ઉભાવેછે, અને આસપાસથી જોસ ભરેલા પવનો ફુકેછે. તેઆરે 'સતવશ' તે પાંણીને સાતે ખંડ-વાડી (જમીન) ઉપર ચાલતું કરેછે. (તેશતર યેશત કરદો પાંચમો.)

રાઓની અંદર ચહડતે દરજ્જેનો સરદાર તેશતરછે, તે તેની હકુમતને લગતું કાંમ પેલા કારોબારીઓની મારફતે 'સતવેશ' સેતારાની સાથે કરેછે. અને તે દરીઆવો, નદીઓ, ચશમાઓ અને પાંણીવાલાં બીજાં મથકોમાંથી પવનના મેલે કરી પાંણીને ઉંચે ખેંચવાનું તથા તેને વાદલાંનું રૂપ આપવાનું અને વાદલાંની મારફતે પાંણીને ઉંચકનારાં અબ્ર (ઇબ્રાને બાફ) ની હાલતમાં ફેરવવાનું, તથા તેને ઉનચે લેઇ જવાનું કાંમ કરેછે, અને બેહમનની શામેલગીરીથી પવનની કઉમતે ફાએદાકારક અબ્ર (ઇબ્રાને પાંણીના બાફ) ને ચલાવેછે. અને વરસાદને લગતું કાંમ કરનારા સાથીઓ જે દીનની જાત (ઇબ્રાને દીન ઇજદ), તથા પાદશાહોની બેરેહવાલી બાલેસ અરેદુઇસુર પવન અને જોસ્સો આપનારો આતશછે તે, વરસાદની આડે આવનારા

ઓ સપેતમાન જરતોશ્ત, તેમારે ચલકાટ ભરેલો, નુરમંદ તેશ્તર, એક ભપકાદાર-સુવાંમના, પીલા કાન અને શુનેરી પાખરવાલા ઘોડાનાં રૂપમાં વઉરકશ દરીઆવ તરફ જાએછે. અને તે દરીઆવમાં જોસ્સો ઉપજાવેછે, તથા તે દરીઆવમાં જોસ્સાને નરમ પાડેછે; અને તે દરીઆવમાં પાંણીને વેહતું કરેછે, તથા થંભ રાખેછે; અને તે દરીઆવમાં પાંણીને જોરમાં ચલાવેછે તથા જોરમાં ચાલતું અટકાવેછે; અને તેથી વઉરકશ દરીઆના સધલા કીનારાઓ જોડાએછે, તથા તેનો સધલો મધ્ય ભાગ જોડાએછે. પછી ઓ સપેતમાન જરતોશ્ત, ચલકાટ અને નુર ભરેલો તેશ્તર, વઉરકશ દરીઆવથી ઉપર ઉભો રેહછે, તેજ વખતે ચલકતો અને નુરમંદ સતવેશ (સેતારો) વઉરકશ દરીઆવની ઉપર ઉભો થાએછે (ઇબ્રાને એ બેહુ સેતારાઓ આસમાન ઉપર આએ દરીઆવને માથે આવેછે), તેમારે "હિંદવ" નામનો પાહડ જે વઉરકશ દરીઆવની વચેછે, તેની ઉપર બાફ એકઠો થાએછે. પછી તે (તેશ્તર) બાફને સાફ વાદલાનાં આકારમાં આગલ ચલાવેછે, અને તેમાં પ્રથમ જે રસ્તે દુનીઆંને ફરાખી આપનારો. અને માણસને ચહડતે દરજ્જેનું કરનારો હોમ આમદરફત કરેછે, તે તરફ પવન ફુકેછે; અને પછી તાંહાંથી અહુરમજ્દનો પેદા કરેલો જોરાવર પવન વરસાદને, વાદલાંને અને કરાંને જગાઓ, શેહરો, અને ગાતે કેશવરો તરફ લાવેછે. ઓ સ્પીતમાંન જરતોશ્ત! અપાંમનિપાઓ (ઇબ્રાને બેરેજત યજદ), જોરાવર પવન, પાંણીના બાપ વાલું બેરેહ (ઇબ્રાને આવાં અરદુઇસુર) અને અશો ફરોહરો જે શેહરોમાં પાંણીની વાંટણી કરનારાછે, તેઓ તે પાંણીને તનોમંદ દુનીઆંની અંદર જુદી જુદી રીતે બખ્શેછે, (ઇબ્રાને વરસાવેછે).

(તેશ્તર યશ્ત કરદો છો.)

એ સેવાએ મેહર—અરશેશવંગ, પારંદ અને બીજા યજદોનાં નાંમો વીર ઇબ્રિશ્તમાં વરસાદના સંબંધમાં વપરાએલાંછે, પણ તે નાંમો 'દીનકર્દ' માં આવેલી વરસાદને લગતી ઉપલી બાબતમાં જણાવેલામાં આવેલાં નથી.

દેવો, જાદુગરો, પરીઓ અને તેઓનો સરદાર જે અપોશ દેવ તથા સપુજ-
ગર દરજ્જે છે, તેઓને હાંણી પોહચાડેછે. અને તે વરસાદની નરતલોને બર-
તરફ કરવાથી, પાંણીઓના નાલનો મુખ્ય માલેક બેરેજત અને અશોઓનાં
ફરોહરો જે પાંણી પોહચાડવાનું કાંમ કરનારાંછે, તેઓ (સધલા) ખંડો,
પરગણાંઓ અને જગાઓમાં તેહનાં પ્રમાંણુ પરમાંણેની વાંટણીથી પાંણીને
૬ પોહચતું કરેછે. વરસાદ પોતે પાંણીછે અને વરસાદનાં હથીઆર પવણ,
૭ વાદલું અને બાફછે. (વરસાદના) નાહલા તથા મોહટા છાંટા તથા કરાં
અને બરફની ઉતપન્તી પવનનાં જુદી જુદી તરેહનાં રૂપથીછે; તેમાં જો
હવા ગરમી ધરાવનારી હોએચતો (વરસાદના) નાંધલા છાંટા પડેછે, અને
જો (હવા) તરાવત (ઈમ્માને ભીનાસ) ધરાવતી હોએચતો (તેના) મોહોટા છાંટા
પડેછે. જે તે થંડીવાલી હોએચતો બરફ વરસેછે, અને સુકાસવાલી
૮ હોએચતો કરાં પડેછે. વરસાદનો અટકાવ અપઓશ, સ્પુજગર અને
બીજા ઘણાએક દેવોને લીધે તથા ઈજા અને તંગી પોહચાડનાર જાદુગરો,
પરીઓ અને કર તથા બુરો વેરો નાંખનારા હાકમ અને ખોટો ઈનસાફ
કરનારા નીઆધીસની બુરી દરશટી પાંણીના બાફ ઉપર પડવાએછે; અને
તેથી વરસાદ વરશતો નથી. વરસાદની વૃદ્ધિ, ઉપર જણાવેલા (વરસાદની)
વૃદ્ધિ કરનાર યજદો તથા આતશબેહરાંમની ગેબી સકતી અને બીજા પેદાએ-
શને (પોતાની) સખાવતથી ચહડતે દરજ્જેની બનાવનારા યજદોને લીધે તથા
સારી નજરવાલા ભલા મરદ, અશો ગોરત અને સાચ્ચો ઈનસાફ કરનારા
૯ નીઆએધીસની નજર પાંણીના બાફ ઉપર પડવાએ જણાવેલીછે. વરસાદથી
બેહદરીતે જે સેવટનો ફાએદોછે તે પેદાના કરનાર (અશો અહુરમજદ) ની
મખ્શેશથીછે. અને તેને લગતાં નોકસાંનનો પોકારો એબ આપનાર (અંગ્ર-
૧૦ મઈનીઉશ) નો તેમાં સંબંધ હોવાથીછે. જે રાજા ખુબી ભરેલાં ફરમાંનો
તથા ઈનસાફની કઉઅતમાં ચહડતે દરજ્જેનો હોએછે, તે વરસાદથી
(પોતાની રઈઅતને) બેહદ રીતનો ફાએદો કરનાર તથા (તેને પોહચતાં)
નોકસાંનના આવાજને નબલો પાડનારછે. અને જે જોલમગાર રાજા
ઘણાં બુરાં ફરમાંનવાલો અને વગર ઈનસાફનો હોએછે, તે વરસાદથી (રઈ-
એતનાં) નોકસાંનના આવાજમાં વધારો કરનાર અને તેહના ઘણીએક તરે-
૧૧ હના નફાનો ઘટારો કરનારછે. (રઈઅતને) ફાએદો કરનારો રાજા વર-
સાદ વરસાવનારા યજદોની વરસાદ વરસાવાની કઉઅતને વધારનાર, અને

વરસાદનો અટકાવ કરવા સારૂં વરસાદને નરતલ કરનારી દેવોની કઉમ-
તને નબલી પાડનારછે. બલી દીનથી (યજદોની) વધારે આરાધના કરવાએ ૧૨
યજદોને ખુશી તથા દેવોને ગમ (પેદા) થાએછે; તથા બુતપરસ્તી દીનથી
દેવને માંનવાએ વરસાદને આડે આવનારા દેવોને વરસાદની નરતલ
કરવાની મરતી અને જલમીનો વધારો થાએછે. અને તેથી વરસાદને વર-
સાવનારા યજદોને ફાએદેમંદ વરસાદને વરસાવ્વાનાં કામમાં જેહમત અને
તસદી ઘણી પડેછે.

૧૧૮ અગમ બુદ્ધિથી શીનગાર પાંમેલી દીનની ઘણી દાનાઇ, ૧ તેનો અભિયાશ કરનારાઓને મલવા તથા નહી મલવાના સબબ વીશે ભલી દીનનો બોલાશો.

જાંણવું કે, રવાંન અને દીનની પવીતરાઇના પેઆરને સારૂં, બલી ૨
દીનનો અભિયાશ કરવાથી તે અભિયાશી (માંણસ) ને હમેશની દાનાઇ
તથા ગણેઆંણુની પુરતી સહમજ મલેછે; અને તે બલી દીનની અંદરની
દાનાઇની સહમજથી, આએ દુનીઆંને લગતી નીઆંમત, હકુમત અને
નામદારીના શોકવાલું માંણસ, લોભની મારફતે (તે ચીજોની તરફ) બેઆંત આ-
પવાથી દુર રેહછે. જે (ઇનસાન પોતાનાં) રવાંનના પેઆરને સારૂં બલી ૩
દીન ઉપર બેઆંત આપેછે, તેને આએ દુનીઆની દોલત, હકુમત અને
ઘટતી નામદારીને લગતી જેકાંઇ સહમજ મલેછે, તે સંપુરણ દાનાઇવાલી
હોએછે. જે કોઇ આએ દુનીઆંની દોલતને લોભની આંખથી જોએછે,
તેહને તે (ઇસાને ઉપર જણાવેલી) લાએક દાનાઇની સહમજ મલતી નથી.
તેથી જેનામાં લાએક સહમજ નહી હોએ અને આએ દુનીઆંને પસંદ
કરવાની (સહમજ) સકતી હોએ, તો તેણે એ કારણુસર કશકન્તને લગતા
છુટકારાને સારૂ પુરવીન ધર્મગુરૂઓનાં ઉસ્તાદપણાં હેઠલ પોતાના ખવાસને
સુધારવો અને તેઓની શાગેરદીમાં રેહીને તેને લગતી અકલ મેલવ્વી
અને તેહનો બીજાઓને બોધ આપવો.

૧ ।।ᵖ સેવટને લગતા સુધારાના વખતમાં પેદાએશનો (બદીથી) છુટક થવા સારૂ અને અંધરમઈનીઉશનો નાસ થવા સારૂ ભલી દીનની અંદર કરેલો ખોલાસો.

૨ જાંણવું કે, આતમાને લગતી વસ્તુને કપાવું તથા મોતમંદ થવું નથી. તેમજ આતમાની હસ્તી વગર કોઈ હયાતી મેલવી સકતું નથી. પણ આતમા જેહની સાથે સંબંધ રાખીને (આગ્મે દુનીઆંમાં) કાંમ કરતો હતો, તે વસ્તુથી (ઈચ્આને તેનાં બદનથી) તેને છુટો થાવાગ્મે આતમાની જુદાઈથી તેહના સંબંધવાલું બદન નકામું થાગ્મેછે; અને તેથી આતમા પોતે તેની સાથના સંબંધવાલાં બદનને મારી નાખનારો તથા તેને નકામું કરનારો થહેછે. જેમ આતમા જુદો પડવાથી બદન તેહની હયાતી વગરનું અને નકામું થાગ્મેછે, તેમ કશકેરેત (ઈચ્આને રીસ્તાખેજ) ના વખતમાં અંધ્રમઈનીઉશની સધલી નીચ સકતીનો (માણુસની અંદરથી) નાસ થસે. અને તે (અંધ્રમઈનીઉશ) પોતે કોઈબી ચીજનો બેહરો નહી મેલવાગ્મે, તથા (લોકોને) પોતાની તરફ બેંચવાની કુશેશ કરવા છતાં કોઈ તેહની તરફેનમાં નહી આવ્વાગ્મે, સેવટે નીરાસ થસે. તથા તેહની સાહેતા તથા યાદનો બીલકુલ અટકાવ થવાગ્મે તે દુઃખી અને વારેવાર સંતાપ કરતો રેહસે. (આખેરશ) અંધ્રમઈનીઉશને દોજખની અંદર બેડીથી કેદ કરવા વીસે તથા તેનો અંન્ત આવ્વા વીસે દીનની અંદર (આગ્મે રીતે) જાહેર કરેલું છે:—

ઓ અહુરમજદ તારી તે હકુમતમાં (ઈચ્આને રીસ્તાખેજના વખતમાં) તે [અંધ્રમઈનીઉશ] નો સધલી રીતે [ઈચ્આને તેનાં સધલાં ગુનાહના કાંમ કરવાથી] અંન્ત આવસે.*

૩ જેબી (ઈનસાંન) એહરેમનની ગુમરાહીથી (હમણું) ઈજા દેનારૂંછે, તે સેવટે (ઈચ્આને રીસ્તાખેજના વખતમાં) નવી જીનદગીને સારૂ રોશનીથી, (યાને સ્પન્તો મઈનીઉશની દાનાઈથી), સીનગાર પાંમેલું થસે; અને જે દેવદૂજો (આદમીઓની અંદર) ગુમરાહી મોકલવા સારૂ (હમણું) તઈઆર ઉભેલાછે, તેઓ (તે વખતમાં આદમી) રોશનીવાલું (ઈચ્આને સ્પન્તો મઈનીઉશની સહમજ ધરાવનારૂં) હોવાથી, તેની સાથે કાંમ કરવાના વીચારથી

* તા ચા વીસ્પા અહુરા થવહમી મજદા ખ્શથ્રો આ યેયઙ્રા. (આગ્મે અવસ્તા 'અહુનવદ ગાથા' ના છેહલ્લા હાના દસમા શ્લોક રચનાની છેડેનો ભાગછે.)

જુદા પડશે. તેઆરે (માંણસ) બેમાંનો એક, જે રોશનીવાલો (સ્પન્તો મઈનીશ) છે, તેની તરફવાલું બનસે. અને તેથી તે (આદમી) રોશની વગરના (દેવદરૂજો) ને ઘણી ઈજા દેનારૂં તથા બુરા ટોલાના સરદાર (અંધ્ર મઈનીઉશ) ને વગર સરહદ વાલો કરનારૂં થસે. અને તે (એહરેમન) ને (ઈનસાંનની) અંદરે આજુ બાજુએથી પેવસ થવાનો સંબંધ નહી હોવાએ તે ઢંકાઈ ગએલો, તથા બંદીખાનામાં પડેલો જેવો ગણુસે. અંધ્રમઈનીઉશની હદ વગરની ગુમરાહીની દુઃખકારક સહમજથી લોકોને દુર રેહવા વીસેની, તથા તેઓને હદની અંદર ચાલવાની, અને તેહને લગતી બેહદ જાતે તેહની ગુમરાહીમાં ભાગ નહી લેવાએ, સેવટે બેહદ લોકની અંદર તે હદની અંદર રેહવા વાલો હોવાની, અને તેથી તેને કેદી બનવાની, તથા તેની અસર (આદમીઓમાં) નહી રેહી સકવાની, અને તેહની હાલત નહી શુધરવા વીસેની, (દીનની અંદર) આગમચથી ખબર આપેલીછે.

૧૧૭ (માંણસે) સેવટને લગતી સારી જીનદગીનું મેલવ્વું (તેનાં) કાંમોથીછે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, (માંણસે) સેવટને માટેની સારી જીનદગીનું મેલવ્વું ૨
અગત કરીને (દુનીઆંને) ફરાગત આપનારાં કાંમ કરવાથીછે; અને તે કાંમ બે માલેકો મધેના એક આસરો આપનારા અને બચાવ કરવાને માટેના માલેકને લગતું છે. (એટલેજે આએ દુનીઆમાં, માણસનાં મન ઉપર ઉપરીપણું ચલાવનારી સ્પન્તો મઈનીઉશ અને અંધ્ર મઈનીઉશને નાંમે ઓલખાતી બે જેબી સકતીઓછે, તેમાંની એક સ્પન્તો મઈનીઉશને નામે ઓલખાતી ભલી સકતીને લગતું છે.) કારણ કે આએ તરેહના (સ્પન્તો મઈનીઉશનાં) કાંમથી, દુનીઆંનાં લોકોને સારૂ સારા ઉપાએ તથા સારી દોલત ઢંકાએલી રેહતી નથી. અને તેથી લોકો હદની બાહેર જતાં નથી. ઈઆને ખલક પોતાનાં અસલ મુલથી કોઈ પરકારે જુદી પડતી નથી. અને તે ગુનાહનાં કામની સહમજ મેલવીને નોકસાન કરનારાં કાંમની સામણે થાએછે, તથા તે કાંમને અટકાવ્વાનો અને ખરાબ કરવાનો ઉપાએ લીએછે, અને તે દરએક કાંમ ઘટતે વખતે તુરત કરેછે, (એવી મતલબથી) કે તે

કાંઇ કરેઆ વગર તેહને લગતો વખત જતો રેહે નહી. કારણ કે (તે સહમજેછે કે) જો તે કાંઇ કીધા વગર રેહી જસે તો તે પોતાના પેદા કરનારથી દુર રેહસે, અને તેથી તે ખોટારાંવાલા (અંધ્રમઇનીઉશ) ના વીચારવાલી ગણાસે.

૧ ।।૫ હોશ અને અક્કલનો સંભાલ કરનારી (સકતી) વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, (માંણસની અંદર તેના) હોશ ઉને અક્કલને જલવી રાખનારી જે મીનોઇ સકતીછે તે બેહમન* છે; અને આદમીની અંદર તેનું જણાવું સંતોષે કરીછે. જે (માણસ) માં આએ દોલતનો (ઇચ્છાને બેહમનનો) સંબંધછે, તે હોશ અને અક્કલનું જે મુલછે, તેની સકતીવાલું છે; અને તે (આદમી) સંતોષી દોલતવાલું, તેહને બેહમનની ચાલુ મદદ હોવાથીછે; અને તે (ઇનસાંન) હોશ અને અક્કલને લગતાં સંપુરણ કાંમ કર
૩ વાએ બેહુ દુનીઆંમાં વખાંણ અને બુન્જેરગી મેલવેછે. પણ જે (ઇનસાંન પોતાના) હોશ અને અક્કલને એકના (ઇચ્છાને બેહમનના) સંભાલની અંદરથી (બેહમન-અકોમન અને હેશમ*) એ તરંણના સવાધીનમા આપેછે; અને (તેમાં) જેઆરે અકોમન અને હેશંમ, બેહમનનાં કરતાં વધારે તેહની ઉપર ફાવેછે, તેઆરે તેહની અક્કલ, અકોમનથી કુનજેહનની, અને તેનો હોશ, હેશમથી પરાગંદે થાએછે. અને જે તેહના હોશ અને અક્કલની ઉપર દેવો તેઓની બુદ્ધિથી ફાવેછે અને (તેહના હોશ અને અક્કલને) હાંણી પોહોચાડેછે, તો તે આદમી દેવના ખવાસનું બનેછે.
૪ જો (માણસની અંદર) સંતોષ વગર, આએ દુનીઆની દોલતનું તથા આવતી દુનીઆંની કંગાલીઅતનું બુરૂં બી રોપાએછે, (ઇચ્છાને ભલા મનવાલી સકતી વગર, બુરાં મનવાલી, તથા ગોસ્સો ઉપજાવનારી જેબી સકતીનું રેઠાણ થાએછે), તો તેથી તે (આદમી) ઉલટાં ધ્યાન વાલું અને ચોરાએલી અક્કલવાલું બનેછે.

* અતરે 'બેહમન' નો અર્થ 'ભલાં મનવાલી સકતી' નો; 'અકોમન' નો અર્થ 'બુરાં મનવાલી સકતી' નો; અને 'હેશંમ' નો અર્થ 'ગોસ્સો ઉતપન કરનારી સકતી' નો સહમજવો.

૧૧૪ (માંણસમા) વગર ગુનાહે રેહવાની સહમજ સકતીનું રેહઠાંણ થવા વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, માંણસની અંદર તેને વગર ગુનાહે રેહવાની સહમજ સક- ૨
તીનું રેહઠાંણ થવું, આએ (નીચે જણાવેલી) બે ઓત્તમ ઈચ્છાનાં કારણુથીછે; તેમાં એક ઈચ્છા ગુનાહથી પાક રેહવાની અને બીજી ઈચ્છા તેવી (સહમજ) ને લગતાં કાંમને પસંદ કરવાનીછે. વલી જે આદમી આએ વીચારથી જુદું હોએછે, તેને ગુનાહથી પાક થવું નથી. જે આદમીનાં અન્તકરણની અંદર યજદાનું વધારે રેહઠાંણ હોએછે, તે દાદાર અહુરમજદની તરફની સરવે સહમજ ધરાવનારી ઓત્તમ સહમજ સક- તીની મદદથી, વગર ગુનાહે રેહવા તથા તેહને લગતાં કાંમો પસંદ કરવા સારૂં વધારે લાએકનું હોએછે. અને તે (બેબી સકતી) ની સહમજને લીધે, તે ઈનસાંન એવી રીતે ગુનાહથી પાક રેહવાએ તથા તેને લગતાં (સવા- બનાં) કાંમને પસંદ કરવાએ, (યજદો) ની તરફથી અગમચેતી અને ધટતી મોરાદ મેલવ્વાને લાએકનું થાએછે; જેમ તે અશો હેરબદ 'મપ્પ્રગ્આફરીદ', તેનાં અહુરમજદી અન્તકરણની ચેતવણીને લીધે વગર ગુનાહથી રેહવાએ તથા પોતાના આતમાની પવીતરાઈને પસંદ કરવાએ યજદોથી મોરાદ અને બેશારત મેલવ્વાને સારૂં પ્રખીઆત થએલો હતો તેમ.

૧૧૫ હકુમતને પસંદ કરનારા શખ્સને હકુમત મેલવ્વાની સરજત વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, હકુમતનો શોક રાખનારા પુરૂષને રાજ મેલવ્વાની સર- ૨
જત આએ (નીચે જણાવેલાં) કારંણોથીછે, (જેમાંનું મુખ્ય કારણ એછે) કે, બેદાએતાલાનો પ્રતાપ તેની ઉપર ઉતરવાએ તે રાજકરતાને આદમીઓ તથા લશકરી અમલદારો મલી આવેછે; તેમાં જે પાદશાહ હકુમતની મારફતે આદમીઓને પાએદાર રાખવાને માંટેનો અને તે (હકુમત) થી રઈઅતનો સંબંધ મેલવ્વાને ઘણો આતુર હોએ, અને રઈઅતથી દુઃખને અટકાવનાર અને તેહને સારૂ સારાં કાંમ કરનારો હોએ તો, આદમીઓ તેહની હકુ-

મત ઉપર ટકી રેહનારાં તથા તેહના રાજની તરફ ચાહ રાખીને તેની સાથે જોડાઈ રેહનારાં હોએછે. અને એ વીસે (ની ગવાહીના) આએ અવસ્તાછે.

ખચીત જે પશુ અને માંણુસોની ઉપર હકુમત કરનારો (રાજા) છે તે, જ્યહવેર તેહની હકુમતથી તેએાને સારૂં મોહટું સુખ મેલવતો નથી, ત્યાંહાં-વેર તે પોતાને દાહપ્યંણુથી ઘણીજ કમ મોહટાઈમાં રાખેછે. (એટલેજે જે દાહપ્યંણુવાલો રાજકરતાછે, તે પોતાની રઈઅતને શુખ આપવામાં અને તેનું દુઃખ ટાલવામાં પોતાનાં રાજની મોહટાઈ સહમજેછે.) [અને તે હકુમતથી રઈઅતને દુઃખ દેતો નથી, પ્યંણ તેનાં સુખનો ઘણો વધારો કરેછે.]*

૧ ।।૧ દુનીઆંની વસ્તુએાને ઊગાડનારાં મુલ (ઈઆને તત્વો) ને વગર નીઅમનાં બનવા વીસેનો બોલાસો.

૨ જાંણવું કે, દુનીઆંની વસ્તુએાને ઉગાડનારાં મુલ (ઈઆને તત્વો) ને તેએાના અસલ નીઅમથી ઉલટાં જવાનું કારણ, તેએાના જોસ્સાએાની અંદર ફેરફાર થવાથી જણાએલુંછે. કારણ કે, (સમતોલ તત્વોથી બનતા કોઈ ચીજમાં) જે પાંણી વધારે હોએચતો, તે પવણના જોસ્સાને, તેમજ જમીનના જોસ્સાને ફેરવેછે; અને જે પવંન વધારે હોએચતો, તે પાંણીના જોસ્સાને, તેમજ આતશના જોસ્સાને ફેરવેછે; અને જે આતશ વધારે હોએચતો, તે પવન અને ખાકના જોસ્સાને ફેરવેછે; અને જે વધારે ખાક હોએચતો, તે આતશના જોસ્સાને તેમજ પાંણીના જોસ્સાને ફેરવેછે. અને તેએાના અસલ નીઅમવાલા જોસ્સાની અંદર ફેરફાર થવાથી, તેએા જે એકબીજાના મેળાપથી હયાતીને માટેની વસ્તુને બનાવનારાંછે, તેહને બદલે તે ઉલટા જોસ્સાને લીધે, ઉલટા જોસ્સાવાલા (અંગ્રમઈનીઉશ) ના નીઅમ પરમાંણે, કાયા ધરાવનારી વસ્તુએાને ખરાબ કરનાર તથા દેહવાલી વસ્તુએાના બદંનની બનાવટને નહી કરનાર અને પેદાએશને હાંણી પોહચા-ડનારા, તથા તે (પેદાએશ) ને નહી બનવા લાએક થવાના વસીલા તરીકે બનેછે. (તત્વો) પોતે, ઢાંનાઈવાલાં એકમુલ (સ્પન્તોમઈનીઉશ) થી, ફાએદેમંદ હયાતી ધરાવનારા (યજદો) નાં સંબંધને લીધે, (આએ દુનીઆંને લગતી) જાતને

* નોઇતિ જી દી યા પસુ વીર ખ્શએા અહ્માત્ અશાઉનો મજિસ્ત્ય દી શાતોઇશિ માંનયાત્ કસિસ્તેમ ઉજ્યાઓમય.

બનાવવામાં ફાવનારાંછે; અને નોકસાંનકારક જીનદગીવાલા (દેવદૂજો) ના સંબંધને લીધે, તેને હાંણી પોહચાડવાના સબબથી, તેઓ પેદાએશને નહી બનાવનારાં તથા નેસ્તીને લગતાં જણાએલાંછે. દેવોની તરફથી એ પરમાણે બનવાનું જે કારણછે તે આજારનાં બંધારંણને લગતાં એકમુલ (અંધ્રમઈનીઉશ) થીછે.* વલી ઉતપન્તી કરનારાં (તત્વો) ને, યજદોની મદદના સંબંધથી, આએ દુનીઆંની વસ્તુઓનો વધારો કરવાએ, દુનીઆંની બનાવટને ફાએદો કરનાર તરીકે જણાવેલાંછે; અને (આએ દુનીઆંની વસ્તુઓની બનાવટને) ખરાબ કરવાથી, જેમ વરૂં ગોસ્પંદની ઉપર હોમલો કરવામાં ફાવેછે, અને માંણસ માંણસની ઉપર બુરી મતલબમાં ફાવેછે, તેમ તેઓને નોકસાંન કરનાર તરીકે ગણેલાંછે. જેમ માંણસોની અંદર તેઓને લગતા સંબંધની જુદાઈ, ઉલટી ચાલનાં આદમીની જાલમીના સબબથીછે; તેમ તે તત્વો જે એકબીજાની સાથે સંબંધવાલાંછે, તેઓની (જુદાઈ), એકબીજાની બનાવટને ખરાબ કરવાથીછે. અને તેથી તેઓ આદમીઓની અંદર નીતીવાનને બદલે અનીતીવાલાં તથા કાએેઆની અંદર નોકસાંનવાલી ઉલટી બનાવટ કરનારા તથા નોકસાંનને નહી દાબી નાંખનારા વસીલા તરીકેછે. અને બનાવટને ફાએદાકારક હોવાથી તથા તેને મદદ કરવાથી, તેઓ આદમીની અંદર, ગોએેઆ નીતીને લગતું કાંમ કરાવવાને માંટેના વસીલા તરીકેછે; કારંણ કે તેને લીધે આદમીઓથી સવાબતું કાંમ થાએેછે, અને તેથી તેઓ પુણવન્તાં બનેછે. અને તેઓના ઉલટા નીઅમથી આદમીઓની તરફથી ગુનાહનાં કાંમ થાએેછે, અને તેના સબબથી તેઓ પાપી બનેછે. અને તેમ બનવું, દુઃખના નીઅમવાલા એક (અંધ્રમઈનીઉશ) થી જણાએલું છે.

આસમાંન—જમીન—સુરજ—ચંદર અને સેતારાઓ તેઓનાં કાંમ ઉપરથી જણાએલાછે, કે તેઓ પેદાએશની બનાવટને લગતા નીઅમવાલાછે, અને પેદાએશતું બનવું તેહના બનાવનારની પછી થએેલું છે. આસમાંન, 3

* જેમ 'રપ-તોમઈનીઉશ' અને 'અંધ્રમઈનીઉશ' અને તેહની બીજી સકતીઓ સારાં અને નરસાં કાંમ કરવા સારૂં માંણુસનાં મન ઉપર પોતાની તરફની ઉસકેરણી કરેછે, તેમજ તે બંધે જેબી સકતીઓ પોતાની સાથની બીજી સકતીઓની સાથે માંણુસનાં બદનની અંદર રોગોનું નીવારંણ તથા રોગોની ઉતપન્તી કરવાનું કાંમબી ચલાવી સકેછે. એ ઉપરથી બોલ્લી રીતે જણાએછે, કે માંણુસનાં મન ઉપર જેમ ઉપલા બેહુ મીનોઓની હરીફાઈ ચાલુછે, તેમજ તેઓનાં શરીર ઉપરબી તેઓની હરીફાઈ ચાલુ રેહેછે. માટે ઉપલા નીઅમ પરમાંણે આએ દુનીઆંમાં ઉતપણ થાતી ચીજોના સારા અને ખરાબ બનાવના સબબની મતલબ આપણે યજદોને નામે ઓળખાતી સારી સકતી અને દેવોને નામે ઓળખાતી બુરી સકતીનાં બેચાંણુથી સહમજવી જોઈએેછે.

સેતારાઓની હદ શુધી જમીનની આસપાસ કીલ્લેબંધી તરીકેછે, અને તેની વચેની જગો લડાઈની હરીફાઈ કરનારા (સારા માઠા આતમા) ઓને સારૂ હરીફાઈ કરવાનું એક મેદાંનછે. અને તાંહાં (લડાઈની) હરીફાઈ કરનારાઓ (માંણુસનાં) બદનની છેક અંદરથી તે સેતારાની હદ શુધી (પોહચી સકે) છે. અને તે સ્તર પાએઆની અંદર ચહડતે દરજેની રોશનીવાલી પેદાએશછે, તેથી જેઓ જાતે નોકસાંનવાલાછે, તેઓનાં કાંમને (તે રોશનીવાલી પેદાએશથી) હાંણીનું પોહચવુંછે. પેદાનો કરનાર પોતે, પોતાની પેદાએશને હાંણી પોહચાડવાને તથા પોતાની પેદાએશની અંદર એકબીજા સાથે લડાઈ કરાવ્વાને લાએકનો નથી. તેમજ ખલક પોતે એકબીજાની સાથે (પોતપોતામાં) હરીફાઈ કરવાને લાએક બનેલી નથી; પંણ તેમ બનવાનો સબબ દુઃખનાં નીઅમવાલા એક (અંધમઈનીઉશ) થી જાહેર થાએલોછે.

૧ ૧૮· **સઘલી જાતની હયાતીથી દાદાર અહુરમજદની ખુજો· રગીછે, તે વીશે ભલી દીનને લગતો ખેાલાસો·**

૨ જાંણવું કે, જેમ આપંણને જણાએછે કે, જે એક નાંઢલો દાંનોછે, તેની અંદરથી એક મોહટું જાહાડ બનેછે; તથા જે એક લાંકડાંનો નાંઢલો કટકોછે, તેથી એક મોહટું ઘર બંધાએછે; અને જે એક નાંઢલી આંખછે, તે ખોરશેદની મોહટી રોશનીની મારફતે જમીન અને તેનાં છેડાને જોઇ સકેછે; અને (આપણા) આતમાને લગતો જે નાંઢલો અંદેશોછે, તે સઘલી વ્રસ્તુની અંદર કીમતી ગણાએછે. તેમ (દુનીઆંનો) વધારો કરનારાઓની સકતીને તેને લગતાં કાંમને સારૂ (કુદરતની તરફથી) એટલું તો બોહલું કઉમત મલેછે, કે આસમાંન અને જમીનને લગતી સઘલી ખીલ્લતી—નબલી—ઓછી અથવા પાએમાલ થાએલી સકતીવાલી ચીજોમાં, તેઓની (કુદરતી) સકતીઓની મારફતે અતીઘણો ચલકાટ આપનારો મોહટો જોર દેખાએછે. જે ઉપરથી પાક બોદાએતાલાને લગતી બેમાલુંમ મોહટાઈ કેહવીછે, તે આપણા બેઆલમાં આવી સકતી નથી. અને તેહની આએ બુજોરગ સકતી આપણને બતલાવેછે કે, એવી મોટાઈ ધરાવનારો (સાહેબ) સઘલી દુનીઆંને ચલાવ્વાની સકતીઓને તેની દાંનાઈથી જોઇ સકેછે, અને

તેનું (દુનીઆંને) ચલાવવાની દાંનાઈનું સરવેથી સરસ બલ તેની વધારે
ચહડતે દરજેનાં બલવાલી દાનાઈની આપણને સહમજ આપેછે. વલી તેની
મજદીઅસની દીન ઉપરથી આપણને જણાએછે કે, તે દીન (સઘલી) દાંનાઈ-
ઓને જણમ આપનારીછે, તે ઉપરથી મજદીઅસની દીનની સરવેથી સરસ
મોહોટાઈ આપણને દેખાએછે. જેઆરે આપણ જોઈએછે કે, તે (ખોદાએ- ૩
તાલા) દરએક ટેકાંણે દીનથી (પોતાનાં) રાજને ચલાવનારોછે, તે ઉપરથી તે-
નાં રાજની અતીઅંત મોહટાઈ આપણને જણાએછે. વલી જેઆરે આ-
પણને જણાએછે કે, પેદાનો કરનાર અશો અહુરમજદ અસલછે અને તે
(દુનીઆંની સઘલી પેદાએશને) જનમ આપનાર, બનાવનાર અને તેને
ચલાવનારછે; તેઆરે એ ઉપરથી પાક ખોદાએતાલા સરવેથી ચહડતે દરજ-
જેની હકુમતવાલોછે, તે એકસરખા આકારમાં આપણને દેખાએછે. પેદાના
કરનારની મોહટાઈને સહમજવા સારૂં આએજ દાખલો બસછે કે, તે દા-
દાર અહુરમજદ તેહની સઘલી ખલકની ઉપર ચોકસાઈ રાખવાને સરવે
સકતીવાંનછે.

૧૨। અહુરમજદની ઈચ્છા વીચાર સાથનીછે, તે વીશે ૧ ભલી દીનને લગતો ખોલાશો.

જાંણવું કે, અશો અહુરમજદની પસંદ કરવાજોગ ધારણા, તેહની સરવે ૨
સહમજ ધરાવનારી અકલને લીધેછે. અને તે પોતે (આલમને) પસંદ
પડતો, તેહની સઘલી સહમજ ધરાવનારી અકલની ઈચ્છાએ, તેહને લગતી
ખલકને બેહદ રીતે શુધારવાને તથા તેનો સેલસેલો ચાલુ રાખવાને લીધેછે.
માંટે જે (શખ્સ) મજદીઅસની દીનનો વધારો કરવા સાથે, તેહની હકુમતને
લગતાં સરવેથી ચહડતાં કાંમ કરનારો હોએ, કે જેહનાં પુરતાં કાંમથી, ખલકનાં
લોકો હમેશનો ફાયદો મેલવે, અને તે (ફાએદો) હમેશાં ચાલુ રેહવાથી, પુરતો
શુધારો (દુનીઆંમા) થાએ, તથા એબ આપનારા (અંધમઈનીઉશ) ને તેથી પુરતી
રીતે હાંકી કહડાએ, અને ખલકનાં લોકોને હમેશાં નેકી મલે, તો તે શખ્સ
અહુરમજદની ઈચ્છાને લગતોછે. જે ધરમગુરૂઓ, (તેઓના) મતલબી ધરમથી ૩
લોકોનાં સેવટને લગતાં કાંમોને હમેશાં ખરાબ કરનારા તથા મતલબી ધરમના
વીચારથી ઘણાંએક આદમીઓને હમેશનાં દોજખી કરનારાછે, તેઓ ખલકને

બેહદ રીતનું નોકસાંન કરનારાછે; કારંણ કે તેઓના મજહબની અસર, તે ધરમ પાલનારાઓને હાંણી પોહોચાડમારાં કાંમોને પસંદ કરવાનાં મુલ તરીકેછે. માંટે તેવો ધરમ, ખોટા વીચારવાલો અને આખેરશને માંટેની બુરાઈના સંબંધવાલો કેહવાછે; તેથી તેહને ધરમ તરીકે કેહવો જોઈએ નહી.

૧ ૧૨૨ સારી અને નરસી દીન તથા તેની બુનીઆદ અને તેના જાહેર તથા ચાલુ થવાથી (દુનીઆંમાં) પ્રાએદા અને નોકસાંન કરનારાં પ્રલની ઉતપન્તી થવા વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, ભલી દીન, આસ્નેખેરદ (ઈસ્માને કુદરતી અકલ), અને આસ્નેખેરદના ગુણવાલી જાત (ઈસ્માને બેહમનને નાંમે ઓલખાતી ભલાંમન
૩ વાલી સકતી), એ સાથે જણમેંલાંછે. તેમાં આસ્નેખેરદ અને તેના ગુણ-
૪ વાલી બેહમનની જાત, સ્પેનામીનોથી પેદા થાએલીછે. અને અકોમન (ઈસ્માને બુરાં મનવાલી સકતી) જે વરૂન (ઈસ્માને ઉલટી અકલ) ને લગતી એબ વાલી જાતછે, તે નોકસાંનકારક વરૂન (ઈસ્માને ઉલટી આકલ) ની સાથે
૫ પેદા થાએલીછે. અને નોકસાંનકારક વરૂન તથા તે નોકસાંન કરનારા વ-રૂનની દુરગુણ જાતવાલો અકોમન ધનામીનોથી પેદા થાએલાંછે, કે જે (ધના-મીનો) અસલ મુલને લગતો નથી, (ઈસ્માને અશો અહુરમજદથી જુદોછે.) ભલી દીન એ સ્પેનામીનોથીછે, કે જે (સ્પેનામીનો) અસલ મુલને (ઈસ્માને
૬ અહુરમજદને) લગતોછે. અને બુરી દીન ધનાહમીનોથીછે. અને તે-ઓમાં ભલી દીનવાલાનું જણાવું અકલમંદી, અકલની મદદ, અકલને લગતી રીતભાત, અકલને લગતી જાત, અકલને લગતાં કાંમ, અકલમંદને કઉમત આપનારી અકલની રોશનીથીછે. કારંણ કે સ્પેનામીનોની તર-ફથી જણમ લેનારી નીરમલ અકલ ભલા લોકોને સઘલો ફાએદો કરનારીછે.
૭ અને બુરી દીનવાલાનું જણાવું ઉલટી અકલમંદી, ઉલટી અકલની મદદ, ઉલટી અકલવાલી ચાલચલણ, ઉલટી અકલવાલી જાત, ઉલટી અકલવાલાં કાંમ, ઉલટી અકલવાલાને બુરૂં કઉમત આપનારી ગુમરાહીથીછે. કારંણ કે ધનામીનોની તરફથી જણમ લેનારી સંઘલી ઉલટી અકલ ભલાં લોકોને ઘણી
૮ એક તરેહનું નોકસાંન કરનારીછે. અને (ભલી તથા બુરી દીન) એ બેહુ-

નું ચાલુ રેહવું તેઓથી (ઈચ્છાને સ્પન્તોમઇનીઉશ તથા અંગ્રમઇનીઉશથી)
છે. ભલી દીનવાલા શખ્સની અંદર ભલા અને ખાલેસ અમેશાસ્પન્દોને ૯
રેહવાની પાક જગેા જાંહાંસુધી તેનામાં આસ્નેખેરદની પુરતી હકુમત હેાએછે,
તેથા નાસકારક ઉલટી અકલની દુરમલ હકુમતનેા અન્ત આવેલેા હેાએછે, તાંહાં
સુધીછે. બુરી દીનવાલાની અંદર લેાભ આપનારા દેવેાનું અપવીતર રેહઠાંણ, ૧૦
જાંહાંસુધી તેનામાં નાસકારક ઉલટી અકલની સધલી નાંલાએક હકુમત હેાએછે,
અને જેયાં આસ્નેખેરદ મુતલક નથી, ત્યાંસુધી હેાએછે. અને દુનીઆંમાં ૧૧
જાંહાં આસ્નેખેરદ અને નાસ કરનારી ઉલટી અકલ એ બેહુ હેાએછે, ત્યાં
બંધેની હકુમતની આમેખ્તગી ભરેલી હરીફાઈ હેાએછે. તેમાં (જે ઠેકાંણે)
જેટલે દરજજે આસ્નેખેરદની હકુમતનું જોર હેાએછે, તેટલે દરજજે (ત્યાં)
ભલાઈ-દીનને માંનવું-દીન ઉપર વીસવાસ રાખવેા અને તેનેા ફેલાવેા કરવેા,
તથા યજદેાની હકુમત-ભલાં માંણસને મેાહટાઈ અને ખલકને નેકીછે.
અને (જેયાં) જેટલે દરજજે નાસકારક ઉલટી અકલનાં બલનું ચલણ હેાએછે,
ત્યાં, તેટલે દરજજે બુરી દીનને માંનવું—તેનેા રેવાજ આપવેા—દેવેાનેા
જેલમ—બુરાએાને મેાહટાઈ અને લેાકેાને બુરાઈછે. (દુનીઆંમાં) ફાએદે- ૧૨
દાનું ફલ, ભલી દીનને ચાલુ રેહવાથીછે. અને નેાકસાંનનું પરીનાંમ, બુરી
દીનને ચાલુ રેહવાથીછે. ખલકને ભલી દીનથી જે ફાએદાનું ફલછે, તે ૧૩
આએ દુનીઆંમાં બેાદાએતાલાની ખલકનેા એહરેમનનાં નાસથી બચાવ કરવા
સારૂ અમેશાસ્પંદેાની પવીત્તર મદદ ચાલુ રેહવાએ, તથા યજદેાની ભલી
કઉમ્મતનેા સંબંધ આદમીને (ગુનાંહથી) પાક રાખવા સારૂ ગાલેબ હેાવા-
એછે. કારણ કે, આદમીએા માણસેાની અંદરથી ઈનસાંનને લગતી એબને
દુર કરવાથી તથા તેઓના ખવાસને સુધારવાથી દેાજખથી છુટકારેા પાંમેછે,
અને શુધરેલાં બનેછે. દુનીઆંમાં ચહડતે દરજજેના સારા ગુણેાંનેા વધારેા,
દુનીઆંને ખુબીનેા સીનગાર આપવાએછે. આદમીઓની અંદર જે કાંઇ
(ભલી અને બુરી) ભેલસેલ સકતીનું ચાલુ રેહવુંછે; તેમાં આદમીની અં-
દરે ભલા ખવાસના સારા ગુણેાની કઉમ્મત હેાવાથી, તેમાંથી દરૂજનું તુટવું,
અને દુર થવુંછે, અને તે (દરૂજને ટુટવા) થી આદમીને પેાતાનાં રવાંનના
છુટકારને માંટેનાં સવાબનાં કાંમ કરનાર બનવુંછે. આદમીઓની અંદર
પુરતેા સવાબ ચાલુ રેહવાએ દરૂજની ફેાજ (ઈચ્છાને પાપને લગતી સંખી-
આ) ને હાંણી પેાહચવાનેા તથા ખલકથી એબ આપનાર (એહરેમન) ને

વગર ચલકાટવાલો કરવાનો અને સઘલી ભલી પેદાએશને તેહની મોરાદ મુજબ વગર મોહતની શક્તીવાલી બનવાનો સબબછે.

૧૪ ખલકને બુરી દીનથી જે નોકસાંનનું પરીનામછે, તેનું કારંણ એછે કે, તે (દીન) થી આદમીઓની અંદર દેવોનું રેહઠાંણ થાએછે; તેથી તેઓમાં સઘલી બદીનું ચાલુ રેહવું, તથા દુનીઆંમાં ધાત અને ખલકને નાસ તથા ઈજા થવીછે. અને તેની આમેજશ આદમીઓમાં ચાલુ રેહવાથી, દુરગુણોને કઉઅતનું મલવું, સારા ગુણોનું નબલું પડવું, આદમીની અંદરથી ઈનસા. નગરીની રોશનીનું દુર થવું, તથા તેઓની અંદર ગુનાહના કામ કરવા સારૂ બદીનાં (બી) નું રોપાવું, તથા (તેઓનાં) રવાંનને પાપી બનવું અને અનીતીથી દુનીઆંને ઉજડ તથા નોકસાનકારક બનાવવીછે. આદમીઅતની ખરાબીથી અને તેને લગતી બદીની હાંસેલ તથા અનીતીના વધારાથી, દેવોને દુનીઆંને ખરાબ કરવા માંટેનું ઘણું કઉઅત મલેછે. દેવની તાબેદારીથી (માણસને) દુનીઆંમાં જે ઉમેદ રાખવીછે, તે ભલાઈના સંબંધ વગરની બદીને લગતીછે. ખલકને ચહડતે દરજ્જેની પેદાએશ તરીકે પાએદાર નહી રહીં સકવાનો સબબ, તેહની અંદર ભલાઈના સંબંધ વગરની સઘલી છુપી
૧૫ બદીની પુરવારી હોવાને લીધેછે. માટે જે ધરમગુરૂઓ અસલ એક (પેદાના કરનાર) નો મજહબછે, તેનો બોધ આપનારાછે, તેઓ તેથી તે દીન ધરાવનારાઓને અસલ મુલના સંબંધમાં રાખનારાછે, અને તે અસલ મુલના સંબંધથી બુરી દીનથી તેઓને દુર રેહવુંછે; માંટે તેવા ધરમગુરૂના કેહવાને લોકોએ નીતીને લંગતું ગણવું. અને જેનું કેહવું રૂપેનામીનોને લગતું નહી હોએ અને ધનામીનોને લગતાં મુલનું હોએ, તો તે ધરમગુરૂ, સઘલા ગુનાહઓનું મુલ તથા દરએક ગુનાહનું કાંમ કરનારાઓનો સરદાર અને બુરાઓની અંદર સરવેથી બુરો કેહવાએછે.

૧૧૮ આએ દુનીઆંની વસ્તુઓ, (તે) વસ્તુઓની પેદાએશ, તેહને ૧
લગતું કાંમ, તથા તેની હયાતીને લગતી તરપ્રદારી, ખુનીઆદ,
આપ, તરીકો, કાલખુદ અને તેહની હસ્તીની કઊઆત તથા
તેહને હાંણી પોંહચાડનારા વસીલા વીસે, તથા (પેદાએશની) હ-
યાતીને હાંણી કેહવી પરકારેછે ? અને (દરએક) વસ્તુની અંદર
ખરાબી કરનારાઓને પોહચવું સાથીછે ? તથા પ્રરીને બીજી વ-
ખત તેહને સુધરવુંછે કે નંહી ? અને જો તે પાછી સુધરસે તો જેમ
હમણાં તેહનો આકાર બનેલોછે તે પરમાંણે પાછો તેહનો સુધરે-
લો આકાર બનસે કે આએ દુનીઆંમાં આતમાને લગતી હયાતી
જુદી કાએઆવાલી થસે ? આ દુનીઆંમાં (માંણસ) મીનોઈ દુની-
આંને લાએકનું, તથા આએ દુનીઆંનાં કરતાં મીનોઈ દુનીઆં-
ની તરપ્રદારીવાલું અને ગેબી યજદની કઊઆત ધરાવનારૂં તથા
વખ્શ સકતીની તરપ્ર ગેબી ઊલટવાલું સાને લીધેછે ? અને ગેબી
સંબંધથી તેને એકબીજાથી તરાવતનું મલવું કેમછે ? તથા ગેબી
યજદો અને દેવો જે તેના ઊપરછે, તે બેહુ મીનોઓ કાંહાંસુધી
તે ઊપર રેહછે ? અને સાથી એકબીજાથી જુદા પડેછે ? અને
આએ દુનીઆંની પેદાએશોને આગલ તથા પછવાડે પેદા કરવી
સા સારૂછે ? તથા આએ દુનીઆંની પેદાએશને કાએમ રેહવું,
તથા સુધરવું શાથીછે ? અને બલકને તેહની બેબથી સુધાર-
નારૂં આદમી ઘણુંજ સરસ સાને લીધેછે ? દુનીઆં તેને બે-
બથી પાક કરનારની તરપ્રથી જે કાંઈ પાક થસે, તે કાંહાંથી થસે ?
અને દુનીઆંનાં સેવટને લગતા સુધારાને તથા તેની
ખરાબીને પસંદ કરનારી કેહી સકતીએછે ?
તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, આએ દુનીઆં (ની વસ્તુ) કાએઆવાલી આંખની મારફતે ૨
દેખાએછે, અને તેની અંદરની (મીનોઇ) પેદાએશ લડાઈની ઉસ્કેરનીને લગતાં
કાંમ કરનારીછે. અને ઉસકેરની કરનાર પોતે પેદાએશની સાંહાંમણે થનારી તથા
(સાંહાંમણે થનારને) દાબી નાખનારી (સકતી) છે; અને (માંણસની અંદર
આએ સકતીઓના) સંબધનું જોડાવું, હમેશની સારી ચાલચલણનેં સા-

રૂંછે, અને તેહનું કમ પોતાના પેદા કરનારને લગતું છે. એ વીસેનો બોલાસો એમછે કે આએ દુનીઆંનાં લોકોનું કોઈબી કાંમ (બદીની) ઉસ્કેરણીને દાબી નાખવા વગરનું નથી. આએ દુનીઆંની તરફેનવાલાં લોકો દરએક વસ્તુ જોઈને કરવાવાલાંછે. અને આએ દુનીઆંનાં લોકો દરએક બીજને બદનને લગતી આંખે જોનાર તથા બદનને લગૂતા હાથથી કરનારછે. આએ દુનીઆંની ઉતપંનતી, પેદાના કરનાર દાદારથી થાએલીછે. પેદાએશને ઉધરભાવ આપનારા મારગવાલી સકતીને દીનની અંદર હયાતીનું નાંમ આપેલું છે. આએ દુનીઆંનાં લોકોના તરેહવાર ઉપાએનું મુલ પાયણુ-સકતીથી જણાએલું છે. અને દાદારની તરફથી તેહની પેદાએશ પરથમ બનેલીછે. અને તેહને લગતું જે પ્રમાંણીક કાંમ કરનારી (વસ્તુઓછે તે) હયાતીથીછે. દીનમાં તે (વસ્તુઓ) ને હયાતીને ચાલુ રાખનાર (સકતીઓ) નું નાંમ આપેલું છે. અને તે પવન—આતશ—પાંણી અને માટી ઈત્યાદી ચેઆર જીનદગીને લગતાં તત્વોછે. અને તે, આએ દુનીઆંનાં લોકોની દેહ અને દેખાવનાં મુલછે. બીજું દાદારની અગમબુદ્ધિને લગતાં જીનદગીને ચાલુ રાખવાનાં કાંમને લીધે તે (તત્વો) ને હયાતીને કાએમ રાખનારનું નાંમ આપેઆમાં આવેલું છે. અને તે ચેહારે ઉનસરોને હયાતીવાલી કાએેઆની મેલવણીને કાએેદાસર ચલાવનાર તરીકે ગણેલાંછે. તરીજું દાદારની તરફનું ચહડતે દરજજેનું કાંમ કરવા સારૂં ફરોહર અને રવાંન, તે (કાએેઆની મેલવણીને) કાએેદાસર ચલાવનારાં તત્વોની સાથે આએ દુનીઆના સાથીછે. સઘલાં આદમીઓ—ગોસપંદો અને બીજાં ભલાં જાંનદારોની કાએેઆ જેમ તેથીછે, તેમજ તેઓ શેવટની કાએેઆ બખ્શેલાં (ઈઆને રીસ્તાખેજના વખતમાં કાએેઆ પેમેલાં) તેથી થશે. (જાંનદારોનાં) કાલબુદોની અંદર જો તે (તત્વો) તે એેખલા એકનાં જોરવાલાં હોએેચતો તેઓ તેહને લગતાં હોએેછે; પંણ જો તેઓમાં બીજાની અસર હોએેચ તો તેઓ એકસરખા ખવાસથી ઉલટા સભાવવાલાં બનેછે. અગત કરીને હયાતી ધરાવનારાઓને હલાકીને લગતા વીચાર સાથનું બનવું, તેઓને હલાક કરનારા (અંધમઈનીઉશ) થીછે. કારંણ કે, બે (બીનોઈ સકતીઓ) માંની એક બદીને પોંહચાડનારી તથા દરદને ઉતપન કરનારીછે, અને બીજી તેથી છુટકારો આપનારીછે. અને હાંણી પોંહચાડનાર (અંધમઈનીઉશ) ના જીનદગી સાથના સંબંધથી, તથા તેહની સઘલી ખરાબી કરનારી ઓલાદની મારફતે, લોકોની કાએેઆ અને કાલબુદના બહારની ખરાબી થાએેછે. જે

કાંઈ (વસ્તુ) ખરાબ થાએછે, તે તેના અસલની અંદરથી છુટી પડવાએછે. ઉનસરોની કાએદાસરની સાચ્ચી સકતીએા, જુદી જુદી જાતોને તેહના પેદા કરનારની તરફ રાખનારાં મુલને લગતું કાંમ કરનારછે, અને દેવની પેદાએસથી જેકાંઈ જાત ખરાબ થાએછે, તેહનો નાસ નહી થાએ, એટલા સાંરૂ તેને દાદારની કઉએતથી બીજી વખત પાછી એવી રીતે શુધારેછે, કે તે ગેાએેઆ પેહલાંનાં જેવી બની શકેછે. જે કાએેઆાએા પાછી શુધરેછે, તે ખાલેસ મુલની તરફથી તેએાને ફતેહ મલવાએછે. અને જેએા—એ અસલ (મુલ) થી જુદાંછે, તેએા એબ આપનારા (અંધમઈનીઉશ) થી ફતેહ મેલવેલાંછે. જે જાતો આમીનશ વાલાં મુલ (ઈઆને અંધમઈનીઉશ) નેા સંબંધ ધરાવનારીછે, તેને તે મુલના ખરાબ સંબંધથી, પેલી (તત્વોને કાએેદાસર ચલાવનારી) સાચ્ચી સકતીએા, દાદારની તરફની પુરતી આગાહી અને પુરતાં બલે કરી પાછી જુદી પાડેછે. અને તે સાચ્ચી સકતીએા, તાબેદારીવાલાં ઉનસરોથી કાએેઆાને કાએેદાસર રાખેછે. આાએે દુનીઆંમાં મીનોને લગતા મારગવાલી જે ચીજછે, તે બદંનની અંદર રેહનારૂં રવાંનછે. અને રવાંનની અંદર (તેને) આાએે દુનીઆંમાં મદદ કરવા તથા ઘટતી રીતે ચલાવ્વા સાારૂં જે મીનોઈ સકતીછે, તે સારે મારગે ચાલવાની ચેતવણી આપનારૂં અન્તકરંણછે. જેમ આાએે દુનીઆંમાં આાતમાં (જાંનદારની) કાએેઆાને જીવતી રાખનાર, અને તેને જોવાની સકતી આપનારછે, તેમ રવાંન કાએેઆાને મીનોની તરફ ચલાવનારૂં તથા મીનોની તરફેનમાં રાખનારૂંછે. જેમ આાએે દુનીઆંની અંદર આાતમા કાએેઆાને જીવતી રાખનારછે, તેમ તે જે બદંન કાએેદાસર ચાલતું નથી તેહની ઉપર નજર રાખનારછે, અને તેને કાએેદાસર ચલાવનારી ગેબી સકતીએાની મારફતે તે વીસેની સહમજ આપેછે. બદનની અંદરની કાએેદાસરની ચીજોમાંની જે ચીજ બેકાએેદે બનેછે, તે (માંણુસને) આાતમાની આંખે દેખાએેછે. જે ગેબી સકતીછે, તે આાતમાને લગતી આંખે જોનારીછે. (માંણુસને) શુધારનારી ગેબી સકતીએા, ગેાએેઆા રવાંનનાં મેાહટાં બલ તરીકેછે. અને તે આાતમાને લગતી સકતીએા, જેવી કે વીર (તકૅ સકતી), હોશ, અને અકલછે. અને તે રવાંનની સાથે રેહછે. રવાંન અને વખ્શ (ઈઆને આદમીને સારે મારગે ચાલવાની સમજ આપનારી સકતી), (એ બેહુ) પેાતાનાં સઘલાં કામની અંદર ઉપલી તરંણુ ગેબી સકતીએાની મારફતે જોનાર અને ફતેહ મેલવનારછે. રવાંન અને ફરેાહર વખ્શથીછે. અને રવાંન તથા ફરેાહર

જે કાંઈ જોતાંછે, તે પણ વખ્શથીછે, અને વખ્શ જેછે, તે (રવાંન તથા ફરોહરની) આંખછે. અને રવાન તથા ફરોહર એકબીજાને જોનાર, વખ્શની આંખેછે. અને તે (વખ્શ સકતી) ની મારફતે રવાંન (પોતાની) ઇચ્છાને લગતાં કાંમ કરવા વાલુંછે, અને ફરોહર તેનાં કાંમને લગતા જોસ્સામાં ફાવનારૂંછે. જેઆરે રવાંન જાતે વખ્શ (ઇચ્છાને સારે મારગે ચાલવાની સમજ આપનારી સકતી) વાલું હોએછે, તેઆરે તે સકતીથી રવાંનની મારફતે આતમાને દેખાએછે, અને જેઆરે (આદમીની અંદર) રવાંનની મારફતે વખ્શ સકતી જોતી રેહછે, તેઆરે (વખ્શ અને રવાંન) બંધે પસંદ કરવાજોગ કાંમ કરનાર થાએછે. અને અકલ જેછે, તે વખ્શનાં ચહડતે દરજ્જેનાં કાંમને પસંદ કરનારીછે. ફરોહર જે મદદ કરનારા ફતેહમંદ જોસ્સા વાલુંછે, તે તેહની અંદર વખ્શ સકતી હોવાને લીધેછે. જે કાંઈ રવાંનને તેહની ઇચ્છાને લગતું કાંમ કરવાનું દેખાએછે, તે ગાલેબ ફરોહરના સબબથીછે. ઘણુંકરીને વખ્શ (સકતી) રવાંનને સુધારવા સારૂંછે. અને ફરોહર તથા વખ્શ એ શુધારાવાલી સકતીઓ, રવાંનથી એકબીજાની સાથે રેહી શકેછે. જેઆરે (રવાંન-ફરોહર-અને વખ્શ એ) તરંણમાંની દરએક વસ્તુ એકબીજાની સાથે એકમલતી હોએછે, તેઆરે તે (દરએક સકતી), ચાલાકી ભરેલી રેહછે. આતમાને લગતો જે પવન (ઇચ્છાને દમને આવજાવ કરવાની સકતી) છે, તેથી માંણુસનો શુધારોછે. અને ફરોહર' ગાલેબ આતશની મારફતે (માણુસની) જીનદગીને લગતા પવન*ને તેજ રાખનારછે. જીનદગીને લગતા પવનની તેજીને લીધે, બદંન જીનદગી ભોગવનારૂંછે. બદનનાં રૂપની અંદર રવાંન વખ્શવાલી બુદ્ધિની મદદથી, બદનને જોતું અને ચાલતું રાખનારછે. અને (જાંહાંવેર રવાંન) વખ્શની સાથે એકમલતુંછે, તાંહાંવેર તે બીનોઇ હાલતને સારૂં પોતાને સુધારનારૂંછે. અને તે (રવાંન) ના જે બીજા સાથીઓછે, તે સંધલા ફરોહર અને વખ્શના સંબંધને લીધે આદમીનો સુધારો કરવાને માંટેનાછે, અને તનની અંદરથી (રવાંનને) ગુજર કીધા પછી તેઓ અશો રવાંનની સાથે રેહછે. જેઆરે રવાંન પાપી થાએછે, તેઆરે રવાંનથી બોદ અને ફરોહર (એ બેહુ સકતીઓ) જુદી પડેછે, અને તુરત તે પાપી (રવાંન) થી તેઓ અંતદીઠ થાએછે. વલી યજદો અને દેવોની હસ્તીનું (માંણુસની

* જીનદગીને લગતો પવન—એ બદનની અંદર જે દમ લેવાની સકતીનું ચાલુ રેહવુંછે, તેહને સહમજવો.

અંદર) જણાવું (તેહને લગતી) દીનથીછે. તેમા (ઈનસાંનની અંદર) યજદાની હયાતી (ઈમાને યજદાનું રેહઠાંણુ), ભલાઈને વાસ્તેની સહમજ આપનારી સકતી અને અકલને લીધેછે; અને દેવોની હયાતી (ઈમાને દેવોનું રેહેઠાંણુ), બુરાઈને માટેની સહમજ આપનારી સકતી તથા ઉલટી અકલને લીધેછે. આદમીઓની જાતની અંદર (યજદો અને દેવો) એ બેહુ તરેહની જેબી સકતીઓ મવકલછે, તેહને લગતી શાખ્શીનું જેમ (આપણુને) જણાવુંછે, તેમજ (આદમી), તેઓને લગતી વસ્તુના સંબંધથી જુદી તરફેનવાલું બનવાએ, તે જેબી સકતીઓ તેથી જુદી પડેછે, તે પંણ આપણને સમજાએછે. તેમાં જે (ઈનસાંન) યજદોની તરફેનવાલું હોએછે, તે અમર જીનદગીને લગતાં મીનોઈ દુનીઆંનાં દાહપંણુવાલું હોએછે; અને જે દેવોની તરફેનવાલું હોએછે, તે બુરાં મોતવાલી જીનદગીને લગતી મીનોઈ દુનીઆંની બુરી બુદ્ધિવાલું હોએછે. અને આદમીનું રવાંન તે (બે જાતની અકલ) થી પુણુવાલું તથા પાપવન્તું બનેછે. (આદમીનું) રવાંન પુણુવન્તું યજદોના સંબંધની અસરને લીધેછે, અને જે (ઈનસાંન) તે (યજદોના સંબંધ) થી જીનદગી ગુજારનારૂંછે, તે યજદોની અશોઈને માટેના દાહપણુવાલું તથા બેમરગ રવાંનવાલુંછે. અને (આદમીનું) રવાંન પાપી, દેવોની સાથના સંબંધની અસરને લીધેછે; કારંણુ કે જે (ઈનસાંન) તે-(ઓના સંબંધ) થી જીનદગી ગુજારનારૂંછે, તે દેવોનાં પાપીપણાને માટેની બુરી બુદ્ધિ સાથનું તથા મોતમંદ રવાંન વાલુંછે. આએ બંધે (જાતના મીનોએ) ની હસ્તીની તરફ સંબંધ રાખનારાઓમાં, જેઓ ચહડતે દરજજેની શાખ્શી વાલા (ઈમાને સવાબકાર) છે, તેઓ યજદોની મીસાલની દલીલ અને દાંનાઈ વાલાછે; અને જેઓ દેવદરૂજના જેવી બુરી બુદ્ધિવાલાછે, તેઓ મદુકુમ દેવોછે. આએ બેહુ મીનાઓને માટેની હસ્તી વાલાં આદમીઓની અંદર, જેનામાં દાંનાઈ હોએછે, તે (આદમી) યજદોના મુલવાલુંછે. અને જેનામાં બુરી બુદ્ધિ હોએછે, તે (આદમી) દેવોનાં મુલવાલુંછે. અને તે ઉપરથી સઘલાં આદમીઓના ઉપરી (યજદ અને દેવછે તે) વીસેની દલીલ આપણને મલેછે. આસમાન, પાંણી, જમીન, ઝાડપાંણુ, ગોસ્પંદ અને આદમીની પેદાએશ, એ આએ દુનીઆંની પેદાએશ તરીકે ગણાએછે. જેમા આસમાન પેદા કીધા પછી પાંણીની પેદાએશ થાએલીછે, જે (પાણીની) ઉપર (તેની) બનાવટને એકસરખી હાલતમાં રાખનારી પવનની કઉઅતને સારૂ આસમાની જાતવાલો જેબી પવન ફુકતો

રેહછે. (પાંણીની) પછી જમીન, (જમીનની) પછી ઝાડપાંણ, (ઝાડપાંણની) પછી ગેાસ્પંદ, અને શેવટે આદમીની પેદાએશ બનેલીછે. આએ પાંચે વસ્તુએાનું રેહઠાંણ આસમાંનની વચ્ચેછે. (એટલે જે આએ આપણી પુરથવીને આસ્પાસ આસમાંનછે અને તેહની વચ્ચે પુરથવીછે અને પુરથવીની ઉપર ઉપલી વસ્તુએાનું રેહઠાંણછે). અને તે સધલી ચીજો હમેશાં લાએકની, તેહનાં અસલ મુલની તરફ રેહવાએ જણાએલીછે. પાંણીનું સધલી વસ્તુએામાં લંબાવું અને પંથરાવું, સતર પાએમા*ની નીચેના પવનથીછે. જમીનની આસપાસ, ઉપર અને નીચે સધલી ખલકછે. જમીનની ઉપર ઝાડપાંણનું ઉગવું-તેનું શુધરવું અને તેની બનાવટ કરવી પાંણીના સબબથીછે. ઝાડપાંણને લીધે ગેાસ્પંદછે, અને ગેાસ્પંદની મદદનૅ લીધે આદમીછે. આએ દુનીઆંની પેદાએશની અંદર સરવેથી સરસ આદમીછે; અને આદમીએાની અંદર જે સારી હકુમતવાલેા પાદશાહછે, તે આએ દુનીઆંનાં લેાકેાને બેહદ રેાશનીવાલું (બેહશતનું મકાંત જે) પેદાના કરનારની ધણીજ નજદીકીવાલુંછે, તેહની બખ્શેાશનું મુલછે. અને તે પાદશાહ રેાશનીના પ્રકાશથી (ઈમાને બેાદાઈ દીનને લીધે) કેટલીએક નાપાકીના સેલસેલાને હાંણી પેાંહચાડનારછે. અને જાંહાંવેર તે (પાદશાહ) તે ખાલેસ શુધારાના અંકશ વાલી રેાશનીના પ્રતાપવાલેા (ઈમાને બેાદાઈ દીન ઉપર ચુસ્ત) છે, તાંહાંશુધી તે લખ્શમીવાલેાછે. અને તે લખ્શમી (ઈમાને દેાલત) થી પેદાના કરનાર દાદારની હજુરમાં પેાહચનારેા, અને આએ દુનીઆંની હયાતી ધરાવનારી પેદાએશેાના ઉપાએ કરનારેાછે. પવન—આતશ—પાંણી અને ખાક, એ ચેચાર ઉનસરેા હયાતીને ચલાવનારાં, હયાતીને કાએમ રાખનારાં અને એકમલતી ચાલના તરીકાવાલાં મુખ્ય મુલછે. આએ કાએદાસરનાં ઉનસરેાથી કાલબુદેાને રાહસર રેહવુંછે. અને તેએાનાજ સબબથી કાલબુદેા પેાતાને સેવટને લગતેા ગુજર કરાવનારાં થાએછે. એટલે જે આએ દુનીઆંનાં જે લેાકેા આએરશને લગતા વીચારેાથી રેહી સકેછે, તે કાએદાસરનાં ઉનસરેાને લીધેછે. આએ દુનીઆંનાં લેાકેાને પેાતાનાં દુનીઆઈ વગર એબના ખવાસથી અને પેદાના કરનાર અહુરમજદનાં વગર એબનાં કાંમથી, દુનીઆંને એબીઅલ કરવી નથી, પંણ (તેએાને) એબ આપનાર (એહરેમન) ની સધલી એબેાથી દુનીઆને બેારખાંપંણવાલી કરનાર થવુંછે. અને દુની-

* સતર પાએમા—એ આસમાંન ઉપર જાંહાં સેતારાએાનું રેહઠાંણછે, તે હદ વાલી જગેાને સહમજવી.

આંને એબથી પાક કરનાર થવું, તેહને એબવંતી કરનારા એહરેમનને તેમાંથી બાહેર કાહડવાએછે. જે લોકો દુનીઆંને પવીતરાઈ આપનારાછે, તેઓ જીનદગીને ફાએદો કરનારા તથા તનપસીનને માંટેની અમરગી વાલી સકતી ધરાવનાર તરીકે જણાએલાછે. જે ધરમગુરૂઓ આએ વીચારને મલતાછે, તેઓથી દુનીઆં બગર એબે રેહી સકેછે, અને જે કઉમતથી દુનીઆંને સુધરવુંછે, તેનું આદમીની સાથે રેહવુંછે. વલી એકસરખા ખવાસવાલાઓને એકબીજા સાથે મલતું રેહેવું (પોતાના) પેદાના કરનારને જોવાની ઈચ્છાએ (ઈઆને ખોદાએતાલાની તરફ ધેઆંન આપવાએ), તથા હમેશગીનું કાંમ કરવાએછે. અને તેથી (ઈનસાંનોનાં) તેજવાલાં ગાલેબ ફરોહરોને ખુશી, તથા તેહને લગતી રોશન ચીજોમાં ચહડતે દરજજેની સકતી, અને માંણુસોને (પોતાના) પેદાના કરનારની તરફના સરવેથી સરસ વીચારનું મેલવવુંછે. અને તે ચહડતે દરજજેના વીચારની મારફતે, એબ આપનાર (એહરેમન) ને ટાલવું તથા ખલકની મદદને લગતા ઉપાએએો કરવાછે. અને તેથી આએ દુનીઆંને દાદારને લગતી અગમબુદ્ધિનાં સંપુરંણપણાંમાં પોહોચવું, નાસકારક એબ આપનારને હાણી પોહચાડવી, અને ખલકનાં લોકોને કરણીની અંદર સારી ચાલે ચલાવ્વુંછે.

૧૮ **દુનીઆંને લગતી લડાઈ, લડાઈની જગા, લડાઈમાં જોડા- ૧**
નાર, લડાઈને લગતો સરદાર અથવા લડાઈનો માલેક,
લડાઈ કરનાર, લડાઈને દાખી દેનાર, લડાઈથી
છુટકારો આપનાર, લડાઈથી ઈજા પાંમ-
નાર, લડાઈને ચાલુ રાખનાર, અને
લડાઈનાં સેવટ વીસે, ભલી
દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, દુનીઆને લગતી લડાઈ, એ જુદાઈ રાખનાર (એહરેમન) ૨
ની કુશેશછે. લડાઈની જગો, એ લડાઈની હરીફાઈ કરનારાઓના મેલાપની જગોછે. અને તેની હદ, સતર પાએઆ શુધીનીછે. લડાઈમાં જોડાનાર, આએ દુનીઆંનાં લોકોછે. લડાઈનો સરદાર, (અથવા માલેક), આદમીઓની અંદર જે આદમીઓનો માલેક, સારો હાકમ, અથવા પાદશાહ તથા સારી દાંનાઈ

વાલો દીનનો દસતુરછે, તેછે. લડાઈ કરનાર, એ બુરી બુદ્ધિવાલો મીનો (ઈબ્લાને અંબ્રમઈનીઉશ) છે. અને લડાઈને દાબી દેનાર, સારી દાંનાઈવાલો મીનો (ઈબ્લાને સ્પન્તોમઈનીઉશ) છે. લડાઈથી છુટકારો આપનાર, એ પવીત્તર ધરમગુરૂછે. લડાઈથી ઈજા પાંમનાર, એ પાપી માંણુસછે. લડાઈને ચાલુ રાખનાર, પેદાનો કરનાર અહુરમજદછે. અને લડાઈનું સેવટ, પેદાએશને કુદરતી સકતી આપનારા (યજદો) ની મારફતે માણુસે અગમબુદ્ધિની ઈચ્છાથી પોતાને ચલાવવાએછે. એબ આપનારા (એહરેમન) ને હાંણી પોહચાડવાએ, સઘલી ભલી પેદાએશનો. ધટ્ટાડો કરનારાઓ ટુટેલી ફોજ વાલા અને ખરાબ થએલી સકતીના બનેછે. અને તેથી (માણુસને) જાવેદાંન શુધીની અમરગીનો બદલો મેલેછે.

૧ ૧૮ આએ દુનીઆંનું મકાંન બુરી દીનવાલાઓથી તથા બુરી દીનને લગતી ઘાતથી, ભલી દીનની ચહડતી કલાએ, કેમ શુધરી શકે? તથા બુરી દીનના તાબેદારો તથા તેને ચાલુ રાખનારાઓનો શુધારો કેમ થાઈ શકે? તે વીસે ભલી દીનને લગતો બોલાસો.

૨ જાંણવું કે, પેદાના કરનાર અહુરમજદે, ખલકને નોકસાંન કરનાર દેવોથી, આએ દુનીઆંની પેદાએશનો સંભાલ કરવા સારૂ, તથા આસમાન-જમીન, ફુકતો પવન, વેહતું પાંણી, ઉગતાં ઝાડપાંણુ, ગોસ્પંદ અને આદમી વગેરેની જીનદગીનો સુધારો કરવા તથા તેઓની પરવરશી કરવા સારૂ, ઘણાએક યજદોને પેદા કરેલાછે. તેઓ, ભલી દીનની ચહડતી કઉમતને માટેનો વીચાર તથા તેહની ભલી આરાધણા અને આલમને સુધારવાને લગતા તરીકા, તે દીનના તાબેદારોને જાહેર કરતા રેહછે. અને તે યજદો દેવોની સાથે, તેઓનાં દુનીઆંની સાંહાંમણે થવાનાં, તેહને હાંણી, તથા નોકસાંન પોહચાડવાનાં અને પેદાએશને કચડી નાંખવાનાં તથા મોતમંદ કરવાનાં કામને સારૂ, હમેશાં લડાઈ કરેછે. અને તેમાં તેઓને ફતેહ, ભલી દીનના તાબેદારોની અંદર ભલી દીન ચાલુ રાખવાથી, તથા તે દીનને લગતી વેરદ અને ભલી આરાધણા ઘણી ચાલુ રેહવાથીછે. ભલી દીનને લગતી વેર-

દથી, તે યજદાની ચહડતી કલાનો વધારો થાએછે. પણ જો આએ દુનીઆંમાં લોકો બુરી દીનનાં કાંમને પસંદ કરનારાં હોએછે, તો તેથી દેવોને વધારે કઉઅત મલેછે. કારંણ કે તે બુરી દીનનાએોથી પાંણીની સફાઇને હાંણી પોહચેછે, તેમજ તે બુરી દીનવાલાએોથી નાપાકી અને મોહતનો વધારો (થાએ) છે. જેને સારૂ તે બુરી દીનવાલાએોને આએ દુનીઆંમાં ભલી દીન કબુલ કરાવીને તે (દીન) ના તાબેદારોની સારી સહમજથી બુધા રવા થકી (દીનમાં) જણાવેલું છે. સબબ કે બુરી દીનને લીધે, તેએો (પોતાને) ચહડતે દરજજે પોહચાડનારી સકતીને હાંણી પોહચાડનાર અને પોતાની ઉપર જે જખમી કરનારા હરીફની કઉઅતછે, તેહને ઉપરી તરીકે રાખનારછે.

।૧૫ બદી અને દેવની દીનનું જાહેર થવું અગતકરીને એક ઊલટાં મુલથીછે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, એક બુરાં મુલનાં ઉપરીપણાને લીધે બદીનું જાહેર થાવું ૨
છે. તેમજ તે એક બુરાં મુલની હયાતીને લીધે દેવની દીન જાહેર થાએલીછે. તેથી (માણસને) દીનના માલેક (અશો અહુરમજદ) ની સહમજ મેલવ્વા સારૂં (બે આંખ આપેઆમાં આવેલી) છે; તેમાં એક આંખ ધરમી જાતને જોવાનીછે, અને બીજી આંખ આતમાને વગર રૂપે જોવાને માટેનીછે, અને એ (બે) આંખ અસલ (ઈચ્છાને કુદરતી)છે. (તેમાં જે) એક આંખ આતમાનાં રૂપને જોવાને માટેનીછે, તે અંદેશાની મારફતે (ગેબી ચીજોને) જોવાની (ઈચ્છાને તેની સહમજ મેલવ્વાની)છે; અને બીજી જે આંખ ધરમી જાતથી ગણેઆણ મેલવ્વાનીછે, તે તકરાર વગર (દેખાવ ઉપરથી) સહમજ મેલવ્વાને લગતી (આંખ)છે. એમાં એક આંખ સારી મીસલ ઉપરથી જોવાનીછે; અને બીજી જોવાને સારૂં મીસલ વાલીછે. વલી (અસ્લે) બેહુ કેસમની આંખની મારફતે માણસો, એક બુરી મીસલવાલો (અંધ્રમઈનીઉશ) અને એક દેવની દીન વગરનો (સ્પન્તો મઈનીઉશ) છે, તે દરએકની દીન ધરાવનારાંછે. દીનવાલાં આદમીએો ૧૦ તરેહનાંછે, અને તેનો તફસીલવાર ખોલાસો તેહને લગતાં પ્રકરણમાં જાહેર કરેલોછે.* મજહબ ધરાવનારી જાતની

* આએ ખોલાસા વીસે જુએો આએ દફતરને ૧૨૯ મે સફે આપેલી નોટ.

મારફતે (દીનના માલેકને જોવાની) આંખ (ઇમાને સહમજ મેલવ્વી), એ, જે ઇનસાંનથી આદમીઓ કેટલેક દરજ્જે મજહબને લગતાં રેહી સકે તે ઇનસાંનને જોવાથીછે. અને તે ધરમની મીસલવાલું (આદમી) દાંનાઇ-વાલો, ખુબીવંતો હાકમ તથા અશો ધરમગુરૂછે. અને તે (હાકમ તથા ધરમગુરૂ) ચહડતે દરજ્જેના હોવાએ તથાં (માંણુસને) આવતી દુનીઆંની મોહટાઇ મલવાનું કેહવાએ, આએ દુનીઆંમાં અશો અહુરમજદની જાત તરીકે (ગણુએ)છે.† (વલી દીનના માલેકને જોવા સારૂ) જે આતમાને લગતી વગર રૂપે જોનારી આંખછે, તે અસલ આંખ, ભલા વીચારવાલી સકતી માંણુસનાં અંન્તકરંણુની અંદર પ્રકાશેચ, તેહના સંબંધથીછે.‡ આતમાને તેહના બદનની હાલતમાં આવ્વાની આગમચ, તેની અંદર વગર અન્તરે ગેબી દુનીઆંને જોવાની જાતી સકતી હોચ્યેછે, તેથી જેમ માંણુસ તનની હાલતમાં અંદેશાની મારફતે બોલવાની કઉઅતને મેલવેછે, તેમ તે (આતમાં) આએ દુનીઆંનાં અંધકાર વાદલની મતલબને જોતું રેહછે.

† ઉસ્તવત ગાથાના પેહલ્લા હામાં આએ અને આવતી દુનીઆંનો ખરે મારગ બતલાવનાર પુરૂશને આપણુ પેગમબરે અશો અહુરમજદની મીસલ તરીકે કહેલોછે, જે વીસેના પાક અવસ્તા હમો અતરે ટાંકી બતલાવીએ છઇએ.

[illegible]

ઓ અહુરમજદ! તે ભલા પુરૂશને ભલાઇનો બદલો મલો! કે જે તનોમંદ અને મીનોઇ આલમનો ફાએદા ભરેલો સાચ્ચો મારગ આએ દુનીઆંમાં મારી ઉમતનાં લોકોનેં બતલાવે, કે તેથી જે રોશંન મકાંનમાં તું અહુરમજદછે, તાંહાં તે (લોકો) રેહી સકે, તે સબ્બી ધરસ્થ તારી મારફતનો, સારી સહમજ ધરાવનારો અને માણુસને ચહડતે દરજ્જેનું બનાવનારોછે.

‡ ભલા વીચારવાલી સકતીના સંબંધથી દીનનો માલીક જે અશો અહુરમ-જદછે તેને માણુસ જોઈ સકેછે, એવું ઉપલાં લખાંણુમાં આવેલુંછે, તેને લગતી દલીલ 'ઉસ્તવત ગાથા' ના પેહલ્લા હામાંથી આપણને મલેછે, કેમકે તેમાં આપણુ પેગમબર અશો જરતોસ્તે વારેઘડીએ અશો અહુરમજદને કહીઉંછે કે:—

[illegible]

ઓ વરધીના કરનાર અહુરમજદ! જેઆરે મને બેહમન (ઇમાને ભલા વીચારવાલી સકતી) મલી, તેઆરે મને તારી પીછાંણુ થઇ.

આતમાને કાએેઆનાં રૂપમાં જોવા સારૂ અંદેશાને લગતી આંખછે. અને અંદેશાને લગતી આંખથી બોલવાની સકતીએે કરી માંણુસ દાંનાઈના સબબવાલું છે. (અને જેમ) દુનીઆંનો કરતા દુનીઆંને બનાવ્વાથીછે; (તેમ માંણુસને) અમરગી આપનારી દીનની સહમજથી, માંણુસ વાંધા વગરની સહમજ ધરાવનારૂંછે. અને દીનને લગતી સારી મીસલ તથા મીસલવાલાની મારફતે અન્તકરંણની શાખ્શીથી માંણુસ દીન ઉપર એેતેકાદ રાખનારૂંછે.

(માંણુસને) બુરી મીસલવાલું તથા દેવની દીન વગરનું જણાવ્વાના સબબ તરીકેનાં જે મુલેાછે, તેમાં જે બુરી બુદ્ધિ, અને પાપને લગતું મુલછે, તે સારી મીસલવાલું નથી. અને જે દેવની દીન વગરનું મુલછે, તે દાંનાઈ તથા સવાબને લગતુંછે. અને તેમાંનાં એેક મુલથી અહુરમજદને લગતી ખુબીના સંબંધનું વધારે જાહેર થવુંછે; અને બીજાં આજારવાલાં એેક મુલથી ઉલટાં મુલવાલા (અંધ્રમઈનીઉશ) ની દેવની દીનનું તથા આજારનું જાહેર થવુંછે. અને (માંણુસ) બુરી મીસલવાલી તથા દેવ વગરની દીનનું સમરંણ કરવાવાલું, તે દીનને લગતી બુરી અને સારી મીસલના સબબથી જણાએેલુંછે. ભલી દીનની તરફેનવાલાં માંણુસનું દેવની દીનની અંદર દેખાવું, એે ઉલટાં મુલવાલા વગરવજતના (અંધ્રમઈનીઉશ) નાં અવકલપણાને લીધે (તેહને) સારી કઉઅત તથા સારેા વખત નહી મલવાએેછે. અસલ મુલવાલાં આદમીએેાને કાએેદાનાં બંધારંણમાં નહી રેહવું, એે આએે પરકારનાં એેક ઉલટાં અને આજારને લગતાં દેવની દીનવાલાં મુલથીછે. જો એેમ નહી હેાએે તેા દીન ધરાવનારૂં ઈનસાંન દીન વગરનું (ઈમાને કુફર) કેહવાએે નહી.

૧ ૧૨૭ જે સાહેબની તરફ દરએક ચીજ ઊમેદવારછે, તે સાહેબ પોતે સરવે ચીજથી વગર મોતાજનોછે. દરએકની અંદર તેછે, પંણ તેહનામાં કોઈ નથી. તે સાહેબ સરવેને ચલાવનારોછે, પંણ તે પોતે કોઈથી ચલાવ્વાને મોટિનો નથી, તેવીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, સરવે ચીજ નેસ્તીમાંથી હયાતી પાંમેલીછે તે (તેહને લગતાં) કાંમને સારૂંછે. અને દરએક વસ્તુને તેના વખત ઉપર જરૂર હયાતી મેલવ્વાનું કારંણછે. ગેરવખતે કોઈ ચીજનું કરવું નથી. એ પરમાંણે હયાતી પાંમેલી વસ્તુઓ (પોતે) હયાતી મેલવ્વાને સકતીવાંન નથી. અને વખત આએ ચીજો સેવાએ કોઈને સારૂં નથી. બોદાએતાલા કોઈબી વસ્તુને સારૂં મોહતાજ વાલો નથી. જોકે તે સાહેબ પોતે દરએક જાતની અંદરછે, પણ તે પોતે કેઠે જણાતો નથી. તે પોતે સરવેને ચલાવનારછે, પણ તે અહુરમજદની દાંનાઈ વગર કોઈથી કોઈ ચીજને ચલવાતી નથી.

૧ ૧૨૮ માંણસની જીનદગીના સુધારા વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, માંણસની જીનદગી તેની અંદર આતમા હોવાને લીધેછે. અને આતમા બદનની અંદર ફરેહમંદ (યજદોની) મદદને લીધેછે. અને તે ફરેહમંદ, છુટકારાની ઉમેદને સારૂછે. (માંણસ), એબ આપનાર (એહરેમન) ને વગર તેજનો કરનારૂં, સાવચેતી આપનારાં અન્તકરંણથી તેહને સાહવચેતી મલવાએ, તથા તેને સેવટના સુધારામાં પોહચવા સારૂં સુધરવાની સકતી મલવાએછે. જેથી માણસની જીનદગી, સેવટના સુધારાને વખતે જે કાંઈ હલાકી તેહને પોહચે, તે (હલાકી)થી છુટકારો મેલવવાની ઉમેદમાં ફાવનારી કઉઅતવાલી બનેછે. સુધારાને લગતી કઉઅતતેછે કે, આપને લગતા ધરમગુરૂઓને લીધે આદમીઓને દોજખની અંદર સેવટના સુધારાને સારૂં હમેશલગીની ધણી સજા થાએ, તથા તેથી એબ આપનાર

(એહરેમન) ની જે પેદાએશછે તે ઉમેદ વનાંની થાએ, અને ગાલેબ આતમાથી તે (પેદાએશ) નેા નાસ થાએ, તેની આગમચ જે કઉમતથી માંણુસ સુધરી સકે. (કારણ કે) તનથી આતમા ગુજર કરી જાએછે, તેઆરે માંણુસ મરંણુ પાંમેછે; અને આદમીની જીનદગીવાલી દેહ ખરાબ થાએછે. બીજા (ઈઆને આપણી ભલી દીન સેવાએના) જે લેાકેા સજાને લાએક જણાએલાછે, તે તેઓના ધરમગુરૂઓનાં ઠગારાપણાથીછે, અને એ વીસેની વીગત તેહને લગતાં પ્રકરણુમાં જણાવેલીછે.

૧૮૧ જે રાજ અંધરમઈનીઉશની કુશેશને વધારે સખતી પેાહચાડનારૂંછે, તે વીસે ભલી દીનને લગતેા ખેાલાસેા. ૧

જાંણવું કે, અંધરમઈનીઉશની કુશેશને વધારે સખતી પેાહચાડનારૂં ૨
જે રાજછે, તે ઘણુંકરીને એક માંણુસની અંદર હકુમતનેા પ્રતાપ અને ભલી દીનનું ખેારેહ એ બેહુનું એકસરખું બલ હેાવાએછે. અને તેથી અંધરમઈનીઉશના સંબંધનેા (દુનીઆંની અંદરથી) ઘટારેા થાએછે. કેમકે, રાજ અને દીનના એકબીજા સાથના મેલાપથી, જેમ (દીનનાં) વધારે બલથી રાજ કીરતીવાંન થાએછે, તેમ (રાજનાં) વધારે બલથી ભલી દીન કીરતીવાલી થાએછે. જેમ જરતેાશતની અંદર ભેલી દીનનાં ખેારેહને લગતી જે ચહ- ૩
ડતે દરજ્જેની સકતી હતી, તેમ જો તેનામાં, જે (રાજને લગતી) વધારે બલવન્ત કીરતી જમશેદમાં હતી, તે સાથે હેાતતેા, ખલકની અંદરથી અંધરમઈનીઉશનેા ઘટાડેા, તથા એબ આપનાર (હેરેમન)થી ખલકનેા છુટકારેા તુરત થએેાએા હેાત; અને દુનીઆંમાં (અહુરમજદની) મરજી મુજબનેા શેવટનેા સુધારેા કરેઆમાં આવેએેા હેાત. અને દુનીઆંમાં જે લેાકેાછે તે સઘલા નેક દીનની સાથે ખુશીવન્તાં રાજવાલા બનેઆ હેાત. (કારંણુકે), સારી દીન અને સારૂં રાજ એકબીજા સાથે એકમલતાં હેાએતેા, તેથી દુનીઆં એબથી દુરમલ, વધારે ગુણવન્તી, ધાતનેા ઘટાડેા કરનારી, ઘણી મદદગાર, વધારે પવીતરાઈવાલી, પાપ વગરની, આદમીનું સંકટ ટાલનારી, ભલા લેાકેાને સકતીવાંન કરનારી, તથા જે બુરા લેાકેાછે તેઓને સંકટવાલા અને અસકત કરનારી થાએછે. અને (તે રાજા) દુનીઆંને આબાદી—ખલ-

કના લોકોને કુદરતી ખુશી અને હમેશની નેકીથી શુધારેછે અને સીનગાર આપેછે. આએ બેહુ બોરેહ (ઈમાને ભલી દીન તથા ભલાં રાજનું બલ) એક પુરૂષને પુરેપુરૂં મલવાએ, એબ આપનાર (એહરેમન) ને પુરતી હાંણી થાસે, ખલકને પવીતરાઈ મલસે તથા (એબ આપનારથી તેહનો) છુટકારો થસે અને તેથી શેવટનો શુધારો બનસે. ભલી દીનને પરસીધ કરવા સારૂં આએ તરેહની બેહુ બોરેહ (ઈમાને ભલી દીન અને ભલાં રાજ) નું આલેકપણું જે સોસીએોશ (પેગમબર આવનારછે) તેને સાથે મલશે. અને તે (સોશીએોશ) થી આએ બાબતને લગતાં જેબી બીજાં ગુનગારાં કાંબછે, તે થાસે. વલી તેની તરફથી જે કાંઈ બેહદ કુશેશનું વધારે ચાલુ રેહવું છે, તે સબી લોકોને આબાદી, દાંનાઈવાલા લોકોને હકુમત, અને સાચ્ચા લોકોને ઈનસાફ મલવાને લગતાં કાંમોનું છે.

૧ ૧૮ જે (શાહેબ) દરએક ચીજની અંદર, તથા દરએકની ઊપરછે; અને તે કોઈ ચીજથી તથા કોઈ ચીજને સારૂં તાબેદારી કરનારો નથી. એટલેજે તે (દુનીઆંને) ચલાવનારી દરએક વસ્તુની ઊપરછે, તથા સરવે વસ્તુ પોતાને ચલાવનારી તેનીથીછે, તે વીશે ભલી દીનને લગતો બોલાસો.

૨ જાંણવું કે, જે સાહેબ સરવે ચીજની અંદર તથા દરએકની ઉપરછે, અને કોઈનો તથા કોઇને સારૂં તાબેદાર નથી, તે સરવે ચીજને જાંણનાર, સરવે શકતીવાંન અને સરવેનો આલેક, પેદાનો કરનાર અહુરમજદ પોતે છે. જે સાહેબ (કોઇનો) તાબેદાર નથી, પણ (સરવેનો) આલેકછે. (તે કોઇથી) પેદા થએલો નથી, પંણ સરવેને પેદા કરનારછે. જે બેશી ધરાવનારો નથી, પંણ (સરવેથી) ચહડતે દરજજેનોછે. જે ફરમાંબરદાર નથી, પંણ સાહેબછે. જે ચેલો નથી, પંણ (શરવેનો) ગુરૂછે. જે વગર આલમતાનો નથી, પંણ (સરવે પાંતીએ) સકતીવાંનછે. જે સંભાલ કરવાને માંટેનો નથી, પંણ (સરવેનો) સંભાલ કરનારછે. જે મકાંન વગરનો નથી, પણ મોકાંમવાલોછે. જે ગણેમાંણ મેલવ્વાને

માંટેનો નથી, પંણ પોતે (બીજઓની અંદર) ગણેઆંણુની ઉતપન્તી કરનારોછે. જે સુધરવાજોગ નથી, પણ (પોતે બીજઓને) સુધારનારોછે. જે બખ્શેશ મેલવનારો નથી, પંણ બખ્શેશ કરનારોછે. જે શુખ મેલવ્વાને માંટેનો નથી, પંણ (બીજઓને) શુખ આપનારોછે. જે શાથીઓની સાથે કાંમ કરનારો નથી, પંણ એખલો કાંમ કરનારોછે. જે કેચ્આસ અથવા તોલ કરવાને માંટેનો નથી, પંણ કેચ્આસ અથવા તોલ કરનારોછે. જે ચલાવ્વાને માંટેનો નથી, પંણ બીજઓને ચલાવનારોછે. (દુનીઆંમાં) દરએક વસ્તુની અંદર દરએક વસ્તુ ચહડતે દરજ્જેનીછે, અને તે સરવે વસ્તુની ઉપર ચહડતે દરજ્જેનો પેદાનો કરનાર અહુરમજદછે. તેનીથી ઉતરતે દરજ્જેની દરએક વસ્તુની અંદર દરએક ઉતરતી વસ્તુછે, જેમકેઃ—એક તાબેદારની ઉપર વડો એક માલેકછે; એક ફરજંદની ઉપર વડો એક બાપછે; એક બેશીની ઉપર વડો તેનો એક વડીઅલછે. એક ફરમાંબરદારની ઉપર વડો, એક માલેકછે. એક ચેલાની ઉપર વડો, એક ઉસ્તાદછે. એક વગર દોલતવાલાની ઉપર વડો એક દોલતવાલોછે. એક સંભાલ લેવા જોગની ઉપર વડો એક સંભાલ કરનારછે. એક વગર મકાંનવાલાની ઉપર વડો એક મકાંનવાલોછે. એક દાંનાઈ મેલવ્વા જોગની ઉપર વડો દાંનાઈ આપવાવાલોછે. એક સુધારવાજોગ વસ્તુની ઉપર વડો તેહનો સુધારનારછે. એક વીદ્યાર્થીની ઉપર વડો તેહનો શીખ્શાગુરૂછે. એક બખ્શેશ મેલવનારની ઉપર વડો બખ્શેશ કરનારછે. એક સુખ મેલવ્વાને માટેનાંની ઉપર વડો (તેને) સુખ આપનારછે. એકબીજાની સાથે કાંમ કરનારની ઉપર એક જાતે એખલો કાંમ કરનારછે. એક તોલ અથવા તમીજ કરવા જોગની ઉપર વડો એક તોલ કરનારછે. અને એક ચલાવ્વા જોગ વસ્તુની ઉપર વડો તેહને ચલાવનારછે; પણ પેદાનો કરનાર અહુરમજદ સરવે ચીજની ઉપર ચહડતો દરજ્જો ધરાવનારછે. વલી તે પેદાનો કરનાર અહુરમજદ પોતાની સધલી સહમજ ધરાવનારી અકલવાલી જાતથી, જે ચીજ કોઈની મારફતે પૂને કોઈથી ચાલી સકે એવી નથી, તે સધલી વસ્તુઓને કાએદાસર ચલાવનારછે. જેઓમાં તે શાહેમને લગતી સધલી કાએદાસરની સહમજ તથા તેહની દરએક ઈચ્છાને લગતી વકુફ નથી, તેઓ સંપુરંણ સહમજ વગર પોતાને લગતી કોઈ ચીજને ચલાવવાને સકતીવાંત નથી.

૧૮। (માંણસને) પુરતી સહમજ મેલવ્વા સારૂં જે વસ્તુ લાગેકનીછે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, (માંણશને) પુરતું ગણેઆંણ મેલવ્વા સારૂં ૧૦ ચહડતે દરજ્જેની લાગેક વસ્તુછે. (તેમાં એક) ખુશ જીનદગી; (બીજી) દોલતનો સંબંધ; (તરીજી) નફાનો વધારો; (ચોથી) સુખનું કાગેમ રેહવું; (પાંચમી) ચલકાટવાલી હકુમત; (છઠી) મોરાદમાં ફલદરૂપ થવું; (સાતમી) પુરતા આરામથી રેહવું; (આઠમી) તાબેદારની તરફની કુદરતી ખુશીવાલો પેચ્યાર; (નવમી) સારી શીખામણ દેનારો વીસવાસુ દોસ્ત; અને (દસમી) ગમગીનીના વખત ઉપર સારી મદદ કરનારો મદદગાર, ઈત્યાદી વસ્તુગ્રોથી (માંણુસને ગણેઆંણુની અંદર) સુધારવુંછે. (તેમાં) ખુશ જીનદગી-એ વગર ધાસ્તી સાથની તનદરૂસ્તીછે. દોલત તથા ફાગેદાનો વધારો—કુદરતી અકલનાં પ્રમાંણુથીછે. સુખનું કાગેમ રેહવું—ખોદાગેતાલાની બંદગી અને એકાંતપણાથીછે. ચલકાટ ભરેલી હકુમત—જાતી દાંનાઈથીછે. તાબેદારોના પેચ્યારનું મેલવ્વું—તેગ્રોને ખુશ રાખવાથીછે. નેકનામી-એ નામની દુર જગોવેર શોહરત થવાથીછે. મોરાદમા ફલદરૂપ થવું—સારી ધારણાથીછે. પુરતા આરામથી રેહવું—એ જેકાંઈ મલે તે ઉપર સંતોષ કરવાગેછે. સારો દોસ્ત-એ ભેદને સાચવનાર અને એબને દેખાડનારો સારો દુરઅંદેશ મીતરછે. જે શખ્સ સુધરેલા ખવાસનો હોગેં; તેહની સીખામણ માંણુવા જોગછે. સારી મદદ કરનારો મદદગાર-અકલથી બોલનારો અને જેથી આદમીનો સુધારો થાગે તેહને લગતી મદદ આપનારો (પુરૂશ) છે. (માંણુસને) આગે સધલી વસ્તુગ્રો પાક ખોદાગેતાલાની દીન ઉપર ખરાં જીગરના પેચ્યારથી ગ્રોસ્તવાર રેહવાગે મલેછે. જે ઈનસાંનની જાતે આગે ચહડતે દરજ્જેની ૧૦ વસ્તુગ્રો મેલવેલી હોગેછે, તે (ઈનસાંન) પુરતી દાંનાઈથી દુરઅંદેશ અને દરજ્જાવાલું રેહછે.

૧૪૧ પેદાએશને હયાતી મલવા વીશે તથા પેદાએશથી હયાતીનો ફેરપ્રાર થવા વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, દીનના આગેવાંનોએ (ઈમાને દીનના આગલા પેશવા ૨
દસ્તુરોએ), ભલી દીનને લગતા ખોલાસા ઉપરથી કહેલું છે કે, સરવેને પેદા કરનાર અશો અહુરમજદછે. અને દીન, તે શાહેબની દાંનાઈછે. આએ દુનીઆંમાં તેહની જગેા, ભલાઈની કઉઅતવાલાં ઈનસાંનની અંદરછે. અને સઘલા યજદોની પાક પેદાએશ તેહની મજલસછે. પેદાના કરનાર અહુરમજદની હસ્તી પેદાએશને બનાવવાથીછે. તેહની દીનને લગતી દાંનાઈ-તેહની ઈચ્છા તથા (તેહનાં) કાંમની સહમજ આપવા સારૂંછે. અને તેહના મેલાવરાની જગેા, લેાકેાની તરફથી દીનની રાહે અપાએલાં (ઈમાને યજદાંપરસ્તેાની બંદગીને શારૂં મુકરર કરેલાં) મકાંનની અંદર (ઈમાને આતશકદેહમાં) છે. પેદાએશથી હયાતીના ફેરફાર થવેા આએ રીતેછે કે, જેઆરે આદમીની અંદર તે સાહેબની હસ્તી રેહતી નથી, તેઆરે તે ઈનસાંન પેાતે જે અસલ મુલથી હયાતી પાંમેલું છે, તેથી ખેાટું થાઈને ઉલટાં મુલ (અંધમઈનીઉશ) ની તરફેનવાલું બની સકેછે. અને તે આદમીની અંદર અસલ મુલવાલા મીનેા યજદોની જાત રેહતી નથી, તેથી તેહને કસ્સું નહી જણાવાને લીધે. તે ઉલટી હયાતીવાલું થાઈ સકેછે.

૧૪૨ હાકમેાની અંદર જેકેાઈ (હાકમ) સારા ગુણવાલેા હેાએછે, તેનીથી (દુનીઆંને) ઘણેા ફાએદેા થવા વીશે, ભલી દીનને લગતેા ખેાલાસેા. ૧

જાંણવું કે, સારા ગુણથી સવાબનેા વધારેાછે. અને જે સારા ગુણ ૨
વાલું આદમી સવાબનેા ઘણેા વધારેા કરનારૂં તથા દુનીઆંને ઘણેા ફાએદેા પેાહચાડનારૂંછે, તે હકુમતને લીધેછે. જેમ પાહડેાનાં મથાલાં ઉપરના પાંણીના જહરાથી, જંગલેામાં સુખ આપનારી લીલેાતરી ઉગેછે; તથા પાહડની ઉનચાઈ ઉપર આતશ સલગેછે, તે દુર શુધી રેાશની આપેછે; તેમ જેકેાઈ

સારા ગુણવાલો પાદશાહ હોએછે, તેહનીથી (દુનીઆંમાં) ચલકાટ પેદા થાએછે. અને તે પાદશાહ પોતે એખલો હમેશાં બીજા પાદશાહોને પોતાનાં રાજની મારફતે નેકી તથા કીરતી આપનારો, તથા પોતાની હકુમતથી જાતે દુનીઆંનો સુધારો કરનારો અને તેહના રાજને લગતા હાકમોની કીરતીને વધારનારોછે. અને તે, સારા ખવાસથી (બીજા પાદશાહઓ તથા હાકમોની સાથે) એકદીલી રાખનારોછે. વલી પાદશાહોના સારા ખવાસની કઉઅતથી બેહદ લોકો સારા ખવાસવાલી ચાલચલણની નકલ કરેછે. (એમાં) પેહલ્લો (સારો ગુણ) નેક દીનને લગતોછે, કારંણકે પાદશાહો નેક દીનને લગતા હોવાથી, બેહદ લોકો ભલી દીનવાલા થાએછે. બીજો (સારો ગુણ) સારી અકલને લગતોછે, સબબ કે પાદશાહો સારી અકલવાલા હોવાથી, તેઓ પોતાને તથા (પોતાના) તાબેદારોને સારી રીતે ચલાવ્વાને સકતીવાંન થાએછે. તરીજો (સારો ગુણ) સારાં અન્તકરંણને લગતોછે, કારંણ કે સારાં અન્તકરંણથી પાદશાહોને ઘણી સારી હીમત મલેછે, અને પાદશાહોની હીમતથી, (તેઓના) દુશમનો ઈજા ભોગવેછે, અને તેથી દુનીઆંની જાલવણી થાએછે. ચોથો (સારો ગુણ) બરદાશત કરવાની (ઈચ્છાને ખમવાની) સકતીછે, કારણ કે હાકમોની તરફથી બરદાશત કરવાએ, તે હાકમોની તરફ તેહના તાબેદારોનો પેઆર રેહછે. અને તેઓની હાકમોના હોકમ મુજબ કાંમ કરવાની એકદીલીથી, રઈઅતની ઉપર રાજનું સલાંમતીથી ચાલવું તથા ખલકને ફાએદો થાએછે. પાંચમો (સારો ગુણ) રઈઅત ઉપર સારી મોહબત રાખવાનોછે, કારંણકે હાકમોની વગર મેહરબાંનગીથી લોકો તે હાકમના દુશમન થાએછે, અને તેથી હાકમ અને રયત વચેની તેઓની દયા મેલવ્વાની આશા કપાએછે, તેઆરે હકુમતથી કેટલેએક દરજજેના ફેતનાની દુનીઆંને તથા આદમીઓથી હકુમતને ધાસ્તી રેહછે. છઠો (સારો ગુણ) રઈઅતને ફરાગત આપવાના વીચારને લગતોછે, કારંણકે પાદશાઓ રઈઅતને ફરાગત આપવાનો વીચાર રાખવાથી, જે ખલકનાં લોકો હમણાંછે અને હવેપછી પેદા થસે તેઓને સારૂ ઘણાં મોહટાં ફાએદાકારક કાંમો કરેછે. સાતમો (સારો ગુણ) ખુશદીલીછે, કારંણકે પાદશાહોની અંદર ખુશદીલીની અસર હોએછે તો તેથી રઈઅતનાં દુઃખનું નીવારંણ સરવેથી સરસ રીતે થાઈ સકેછે. આઠમો (સારો ગુણ) હકુમતને જવાલ પોહચાવાની હમેશાં ઈચ્છાદ રાખવાનોછે, કારંણકે હકુમતને જવાલ પોહચવાની યાદ રાખવાથી તે પાદશાહ વગર ધાંમધુમે રેહછે, અને જે દાહપંણવાલો પાદશાહ હોએછે, તે જવાલ પાંમનારી હકુમતની આવકની મારફ-

ફતે રવાંનને લગતી વગર જવાલની હકુમતને મેલવેછે. અને રઈઅતને ફરાગત આપવાથી તથા આબાદ રાખવાથી તે પાદશાહ, લોકોની તરફના ઘણા આશીરવાદ મેલવનારો થાએછે. નવમો (સારો ગુણ) સારા ગુણ ધરાવનારાં આદમીનો દરજ્જો વધારવાનોછે, કારંણકે તે પાદશાહની તરફથી હોનરવન્તાં આદમીને દરજ્જો આપવાએ, જે હોનરો લોકોમાં જાહેર થએલા હોએ તે પ્રકાશે અને જે નહી જાહેર થાએલા હોએ તે જાહેર થવાની કઉઅત પકડે, કે જેથી દુનીઆંનો ધુધારો થાએ તથા તેહને આરાસ્તગી મલે. દશમો (સારો ગુણ) દુરગુણ ધરાવનારાઓને સખતી પોહચાડવાનોછે, કારંણકે તે પાદશાહની તરફથી દુરગુણવાલાઓને સખતી પોહચાડવાથી, આદમીઓની અંદર જે દુરગુણ ઉતપન થતો હોએછે, તે અસ પામેછે, અને જે નહી ઉતપન થએલો હોએછે, તેની કઉઅત ટુટેછે અને તે બંધ પડેછે. અને દુરગુણ (ઈઆને એબ) થી દુનીઆં પાક થાએછે. અગીઆરમો (સારો ગુણ) પ્રજા સાથે એકમલતા વીચારે રેહવાનોછે, કારંણકે, પ્રજા સાથે એકમલતા વીચારથી રેહવાએ પાદશાહ દરએક શેહરને પસંદ પડતો થાએછે, અને તે રઈઅતને પસંદ પડતો રાજા પાએદાર રેહછે. વલી તે રાજા મોટા કરો નાંખીને નવાં શેહરો વસાવેછે, તથા દુનીઆંનાં લોકોની આબાદીનાં, મોલકનાં ફાએદાનાં, ખલકને મદદ મલવાનાં અને શેવટના ધુધારાને લગતાં પાએદાર કાંમો કરેછે. અને બીજા મોલકના હાકમોની અંદર પોતાની મોહટાઈ જાહેર થવા સારૂં, (તે પાદશાહ) દરએક મોલકને મોહટી દોલતનો સંનગાર આપવાની તથા ખલકના લોકોને બખ્શેશ કરવાની ફરજ સહમજેછે. બારમો (સારો ગુણ) ખુબી ભરેલા હોકમો આપવાનોછે, કારંણ કે પાદશાહોની તરફના ખુબી ભરેલા હોકમોથી ઈનસાફનો જણમછે, અને ઈનસાફની ઉપર દુનીઆનો ધુધારોછે. તેરમો (સારો ગુણ) દરએક મોલકમાં ખોલ્લી દરબારે બેસવાનો નીઅમ રાખવાનોછે, કારંણ કે, પાદશાહોને ખોલ્લી દરબારે દરએક મોલકમાં બેડક કરવાનો તરીકો રાખવાથી, પાપી હાકમોથી તેઓનાં પાપને લગતા મીઠાસનો અટકાવ થાએછે, તથા તેઓનો (રઈઅતની ઉપરથી) જોલમ બંધ પડેછે, અને તેથી પરહેજગાર હાકમોને (તેઓની) દોલતની, અને હાજતમંદોને ઘટતો છુટકારો મલવાની, ઉમેદ રેહછે. અને તેવા પાદશાહો, અમરગીને લગતાં ફરમાંન વાલાં કાંમ કરનારાઓને, તે કાંમને માટે સારી રીતે ચાલવાની, દરવેશોની જતન થવાની, રાજને મોહોટો ફાએદો પોહચવાની નીશાંની

તરીકેછે. ચઉદમો (સારો ગુણ) સખાવત કરવાનોછે, કારંણ કે જેમ પાંણી નાડપાંણોને ખીલતાં રાખનારછે, તેમ સખાવતથી ફરાગત આપનારા પાદશાહો આખે દુનીઆંની સઘલી પેદાએશને ખીલતી રાખનારાછે. પંદરમો (સારો ગુણ) લોભનો અટકાવ કરવાનોછે; કારંણકે જે (માંણસ) જાતે લોભને અટકાવનારૂંછે, તેહની અંદર પંજદોનું ઉતરવું છે, અને તેથી તે (માંણસ) દુનીઆંનાં બેહદ લોભી વરૂઓને ખોલ્લી રીતે દુનીઆંને ખરાબ કરવાથી અટકાવવાને સકતીવાંન થાએછે. સોલમો (સારો ગુણ) દુનીઆંનાં લોકોમાંથી એકબીજાને લગતા ડરનો પોતાની તરફથી અટકાવ કરવાનોછે; કારંણ કે તેથી લોકોમાં વધારે ધાસ્તી પેવસ થાઈ નહી સકે. સતરમો (સારો ગુણ) ભલા લોકોને નવાજવાનો તથા તેઓને પોતાના હજુરી તથા દરજજા વાલા બનાવ્વાનોછે; કારંણ કે તે પાદશાહની તરફથી ભલા લોકોને ચહડતો દરજજો તથા આગેવાંની મલવાએ, દરએક બદીનું પાછું હટવું તથા અસપાંમવુંછે, અને સઘલી ભલાઈનું ખીલી નીકલવું અને આગલ વધવું છે. અઢારમો (સારો ગુણ) રાજને લગતો કારોબાર ચલાવનારાઓને મુકરર કરતી વખતે, સારા અને હલકા લોકોની ઘણી તપાસ રાખવાનોછે; કારંણ કે પાદશાહોની તરફથી સારા અને હલકા અમલદારોની પુરતી રીતે તપાસ રાખવાએ ખલકનાં લોકોનો સંબંધ તે પાદશાહની તરફ રેહછે, અને તેથી રઈયતને પાદશાહોની તરફનો ફાએદો, નેકી, આબાદી અને ઘટતી બખ્શીશ મલેછે. ઓગનીસમો (સારો ગુણ) પોતાની જાતને દાંનાઈથી પાક ખોદાએતાલાની તાબેદારીમાં રાખવાનોછે; કારંણ કે દાંનાઈથી પોતાની જાતને પાક ખોદાએતાલાની તાબેદારીમાં રાખવાથી, તે પાદશાહની રઈયત તેની તાબેદારીમાં અન્તકરંણથી રેહછે, અને તેથી દુનીઆંનાં લોંકો ઉપર પાદશાહોની હકુમતનો ચહડતો દરજજો, તેઓના ઈનસાફ અને હોકમોનું ચાલુ રેહવું અને લોકોને ઘણો ફાએદો થાએછે.

ભલા પાદશાહને રાજના સુધારાની કઉઅતનું તથા બલકને સુધારવાની સહમજનું જાહેર થવું, તેહની અંદર શેહરેવર અમેશાસ્પંદની સીપ્રત હોવાથીછે. તે વીસે ભલી દીનને લગતો બોલાસો. ૧

જાંણવું કે, શેહરેવર અમેશાસ્પન્દ (ઈઆને બેજવાલ બુજોરગીવાલા પાદશાહ) ની જાતને લગતી સેફતના બોલે આએ પ્રકારનાછે, જેમકેઃ—ખ્શ-ત્રહે—વઈરયેહે—અયો ખ્શુસ્તહે—મંઝદકાઈ—આયો—દ્રગવે. અને તેનો અરથ 'દીન—હથીઆર—અને દયાનો માલેક તથા દોલતની મદદવાલો અને ફોજનો ધણી' એવો થાએછે. તેથી જે ઈનસાફવાલા પાદશાહની અંદર, રાજને સુધારવા સારૂં, ઉપલી સુધારાનાં સાંધણ તરીકેની સકતીઓ જણાએલી હોએછે, તે (આએ દુનીઆંમાં), ઉપલી સેફતવાલી બુજોરગ જાતવાલો—(ઈઆને શેહરેવર અમેશાસ્પંદની માફક) 'દીન—હથીઆર અને દયાનો માલેક તથા દોલત અને ફોજનો ધણી' છે. વલી એ વીસે જાંણઈવું છે કે, જે (પાદશાહ) ની અંદર આએ (ઉપર જણાવેલા ગુણ) માંનો કોઈ ગુણ નહી હોએ, ઈઆને આએ સઘલી કઉઅતનું એકહું બલ નહી હોએ, તો તે પાદશાહ હકુમત કરવાને લાએકનો નથી, પણ તે દરએક હાકમનો તાબેદારછે. વલી જે હાકમની અંદર હકુમત નથી, તે નામદાર નથી; તેંમજ તે દીનને નહી ચલાવી સકનારો, નકાંમાં હથીઆરવાલો, દયા વગરનો, દોલતને નહી મેલવનારો, રઈઅતની પાસબાંની વગરનો અને ભાગીટુટી ફોજવાલોછે. હવે જેહને દીન નથી, તે હાકમ (માંણસનો આવતી દુનીઆંમાં) છુટકારો થાએ તેવું ફેરમાંન આપનારો નથી. તેહનાં હથીઆર નોકસાંન ભરેલાં કાંમ કરનારાં, તેહની દયા ઈજા દેવાજોગ રૂમીઓને લગતી, * તેની દોલત ફરેહબુત અને આઈબીબુતને માટેની, અને તેની ફોજ નાંફરમાંનીને લીધે ખરીદવાજોગ નથી. જેહને હથીઆર અને સકતી નથી, તે હાકમ—નાંફરમાંનોથી બીહતો, ઠગારાઓથી દુખી દેલનો, તેહના નહી સુધરેલા ગુનેહગાર સવારોની ઉપર દયા કરનારો,

---

* જાંણવું કે આપણા ટોલાના સાસાની પાદશાહોના દોરમાં રૂમીઓ આપણા રાજની સાંહાંમને થનાર હરીફ તરીકે હતા, માટે ઉપલાં લખાંણમાં રૂમીઓને વગર દયા લાવ્વાજોગ શત્રુઓ તરીકે જણાવેલાછે.

દુઃખનો વધારો કરનારી દોલતવાલો અને લશકર વગરનોછે. જેમાં દયા નથી, તે હાકમ દુશમનનો વધારો કરનાર, દીનની રાહે ધીકારવાજોગ, તેનાં હથીઆર દુશમનને સારી સકતી આપનારાં, (તેહની) દોલત બેમાલુમ રીતે હાંણી પોહચવાજોગ, અને તેહની ફોજ તે હાકમથી જુદાઈની ઈચ્છાવાલીછે. જેહની પાસે દોલત નથી, તે હાકમ ખોરાક વગર મોહતાજદાર, ટુટેલાં હથીઆર અને સકતીવાલો, લાચારીથી બીજા આડે મારગે ચાલનારા સકતીવાંન લોકો તરફ દરગુજર કરનારો, અને કંગાલ તથા કમજોર ફોજવાલોછે. જેની પાસે ફોજ નથી, તે હાકમ તાબેદારો તથા દીનદારો વગરનો અને અણઘટતાં હથીઆરવાલો તથા ગોસ્સાની તરફ દયા લાવનાર (ઈચ્છાને ગોસ્સો કરવાને ટેકાંણે દએલા ખાનાર), અને વગર ફાએદાની દોલતવાલોછે. આએ (ઉપલી) વસ્તુઓની અરસપરસની કઉઅતનાં દેખઈતાં બલથી હકુમતને લગતો સુધારો કરવાએ, હાકમ ઈજતદાર બનેછે.

૧ ૧૮૦ ખોરેહને પસંદ કરનારી પેદાએશની અંદર, ઓત્તમ અને સરવેથી નીચા તરીકા વાલા લોકો તથા તેઓની ચાલચલંણ વીસે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, જે પુરૂષો ખોરેહ (ઈચ્છાને કુદરતી બખ્શેશ) ને મેલવ્વાની ચાલચલંણવાલા તથા તેહને લગતી જાતવાલાછે, તે આએ (નીચે લખી જણા-
૩ વેલી વીગત પરમાંણે) ૧૬ તરેહનાછે; તેમાં એક (શખ્સ) તે કે જે સારા ઉદીએોગની ખાહેશને માંટેનો હોએ, અને (તેહને લગતી) બખ્શેશ મલવાથી (ખોદાતાલાનો) આભાર માંનનારો હોએ અને તે નહી મલવાએ સંતોષી અને રાજી
૪ રેહનારો હોએ. જે શખ્સ એ પ્રકારનોછે, તે કુદરતી બખ્શેશ મેલવનારા
૫ સારા ઉદીએોગ વાલાઓની અંદર ઓત્તમ રીતભાંત વાલોછે. બીજો તે કે જે સારા ઉદીએોગની ખાહેશને માંટેનો હોએ, અને તેને લગતી બખ્શેશ મલવાથી (ખોદાતાલાનો) આભાર માંણનારો હોએ, અને તે નહી મલવાએ
૬ સંતોષી પણ નારાજી હોએ. તરીજો તે, કે જે સારા ઉદીએોગની ખાહેશને માટેનો હોએ, અને તેને લગતી બખ્શેશ મલવાએ (ખોદાનો) આભાર નહી માંનનારો હોએ અને તે નહી મલવાએ સંતોષી તથા ગમ વગરનો હોએ.

ચોથો તે, કે જે સારા ઉદ્દીએોગની ખાહેશને માટેનો હોએ, અને તેને લ- ૭
ગતી બખ્શેશ મલવાએ (ખોદાતાલાનો) આભાર નહી માંનનારો હોએ, તથા તે
નહી મલવાએ સંતોષી પણ ગમગીન હોએ. આએ તરંણ તરીકાવાલા (પુરૂષો) ૮
સારિા ઉદ્દીએોગની અંદર ખોદાની બખ્શેશ મેલવ્વા સારૂં એકસરખા વીચારના-
છે. એક તે (શખ્સ), કે જે બુરા ઉદ્દીએોગની ખાહેશને માટેનો હોએ, અને તેને ૯
લગતી બખ્શેશ મલવાથી તેનો આભાર માનનારો નહી હોએ, તથા તે નહી મલ-
વાથી સબુરી કરનારો પણ ગમગીન હોએ. આએ શખ્સ બુરા ઉદ્દીએોગની ૧૦
બખ્શેશ મેલવવા સારૂં સરવેથી બુરા તરીકાવાલોછે. બીજો તે, કે જે ઉલટા ૧૧
ઉદ્દીઉએોગની ખાહેશને માટેનો હોએ, અને તે મલવાથી તેનો આભાર નહી
માંનનારો હોએ, અને તે નહી મલવાથી સબુરી પકડનારો અને વગર ગ-
મનો હોએ. તરીજો તે, કે જે ઉલટા ઉદ્દીએોગની ખાહેશવાલો હોએ, ૧૨
અને તે મલવાથી આભાર માંનનારો અને નહી મલવાએ સબુરી પકડનારો
પણ ગમગીન હોએ. ચોથો તે, કે જે ઉલટા ઉદ્દીએોગની ઇચ્છા વાલો ૧૩
હોએ, અને તે મલવાએ આભાર માનનારો અને તે નહી મલવાએ સબુરી
પકડનાર અને વગર ગમનો હોએ. આએ તરંણ તરીકાવાલા ઉલટા ઉદ્દીએો- ૧૪
ગની અંદર બખ્શેશ મેલવ્વા સારૂં એકસરખા વીચારનાછે. વલી
બીજા તરીકાવાલાએોમાં (ઇચ્છાને કુદરતી બખ્શેશ મેલવનારાએોમાં),
એક તે, કે જે ખોરેહ (ઇચ્છાને ખોદાઈ બખ્શેશ) થી સારી નાંમદા ૧૫
રીની ખાહેશવાલો હોએ, અને તે મલવાથી આભાર માંનનારો અને તે નહી
મલવાએ રાજી રેહનારો તથા વગર ગમનો હોએ. આએ શખ્સ ખોરેહથી સારા ૧૬
મારગની નામદારી મેલવનારાએોમાં એોત્તમ તરીકાવાલોછે. બીજો તે, કે જે ૧૭
ખોરેહથી સારી રીતની નામદારીની ખાહેશવાલો હોએ, અનેતે મલવાએ (ખો-
દાનો) આભાર માનનાર અને તે નહી મલવાએ રાજી રેહનાર પણ રંજદા
હોએ. તરીજો તે, કે જે ખોરેહથી સારી રીતની નામદારીની ઇચ્છાવાલો હોએ, ૧૮
અને તે મલવાએ નહી આભાર માંનનારો અને તે નહી મલવાએ જેમ સંતોષી
તેમજ વગર ગમનો હોએ. ચોથો તે, કે જે ખોરેહથી સારી રીતની નાંમ- ૧૯
દારીની ખાહેશવાલો હોએ, અને તે મલવાએ (ખોદાનો) નહી આભાર
માંણનારો તથા નહી મલવાએ સંતોશી પંણ ગમગીન હોએ.
આએ તરંણ તરેહના શખ્સો, ખોરેહથી સારી રીતની કીરતીને પસંદ કર- ૨૦
નારાએોની અંદર એકસરખા તરીકાવાલાછે. વલી એક તે કે જે ખોરે- ૨૧
હથી ઉલટી રીતની નાંમદારીને પસંદ કરનારો હોએ, અને તે મલવાથી

નહી આભાર માંનનારો અને તે નહી મલવાથી સંતોષી પંણ દુખી દેલનો
૨૨ હોએ. આએ શખ્સ બોરેથી ઉલટી રીતની નાંમદારી મેલવનારાઓની
૨૩ અંદર ઘણીજ બુરી રીતનોછે. બીજો તે શખ્સ, કે જે બોરેહથી ઉલટી
રીતની નાંમદારીને પસંદ કરનારો હોએ, અને તે મલવાથી નહી આભાર
માંનનારો, અને તે નહી મલવાએ રાજી રેહનારો તથાવગર ગમનો હોએ.
૨૪ તરીજો તે શખ્સ, કે જે બોરેહથી ઉલટી નાંમદારીને પસંદ કરનારો હોએ,
અને તે મલવાએ આભાર માંનનારો અને તે નહી મલવાએ રાજી રેહ-
૨૫ નારો પંણ ગમગીન હોએ. ચોથો તે શખ્સ, કે જે બોરેહથી ઉલટી રીતની
નાંમદારીને પસંદ કરનારો હોએ, અને તે મલવાએ આભાર માંનનારો
૨૬ અને તે નહી મલવાએ રાજી તથા વગર ગમે રેહનારો હોએ. આએ
(છેલ્લા) તરંણ તરીકાવાલાઓ બોરેહથી ઉલટી રીતની નાંમદારી મેલવામાં
એકસરખા વીચારવાલાછે.

આએ પુસ્તક તરીકે છપાતાં થાએલી ભુલને લગતું ગુજરાતી શુદ્ધી પતરક.

સફો.	સતર.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૨૮	૧૦	પાણીન	પાણીની.
૧૨૮	૨૨	તેને..	તેનો.
૧૩૩	૨૭	મકાંતની	ઓરેહવાલાં મકાંતની.
૧૩૫	૫	જોએછે.....	ચીજોને જોએછે.
૧૩૯	૧૦	એ બને.....	એબને.
૧૪૦	૧૨	(આએ દુનીઆંની હાલતમાં.. ..	(આએ દુનીઆંની હાલતમાં)
૧૪૦		(ફકરા ૩ જા, ૪ થા અને ૫ માના આંક, ૫ મી, ૯ મી અને ૧૭ મી સતર ઉપર મેલિઆમાં આવેલાછે તેને)	(૪ થી, ૧૦ મી અને ૧૬ મી સતરને મથાલે ગણવા.)
૧૪૧	૩૪	પાંમેલ	પાંમેલાં.
૧૪૨	૨૦	(સતર ૨૦ મી, ૨૨ મી અને ૨૩ મી ઉપર ૫ મા, ૬ ઠા અને ૭ મા ફકરાનો આંક મેલેલાછે તેને)..	(૨૧ મી અને ૨૨ મી સતર ઉપર ગણવો.)
૧૪૯	૮	ચાલવાની....	ચાલવાએ.
૧૬૦	૧	કમ..	કાંમ.
૧૬૦	૬	દુનીઆની.....	દુનીઆં અને તેની.
૧૬૩	૨૩	મદુદુમ	મરદુમ.
૧૬૮	૧૩	જોતું.....	જોતો.
૧૬૮	૧૪	બરે.	બરો.
૧૭૬	૧૬	અને તેઓની, હાકમોના હોકમ મુજબ, કાંમ કરવાની એકદીલીથી, રઈઅતની ઉપર, રાજનું સલાંમતીથી ચાલવું તથા બલકને ફાએદો, થાએછે.	એક (સારો ગુણ) બાદાએ તાલાનો પેઆર મેલવ્વા નોછે, કારણ કે, તેથી હાકમોના હોકમને લગતાં કાંમોનું તથા તેની હકુમતનું ચલણ રઈઅતની ઉપર સલાંમતી ભરેલું રેહછે, અને લોકોને તેથી ફાએદો થાએછે.
૧૭૭	૧૬	કરો.	વેરા તથા કરો.

THE ENGLISH TRANSLATION,

BY

RATANSHÁH E. KOHIYÁR, B.A., LL.B.

UNIVERSITY OF BOMBAY.

CONTENTS.

PAGE.

What men are of the best and the worst desires 129
Regarding the remedies for the illness of the soul arising from want of knowledge and judgment 129
Of the shining and dark invisible powers, which ought to be approved and which dis-approved by man 131
Regarding the means of good and bad behaviour in this world. 134
Regarding communion with the holy Self-existent... 135
Exposition regarding the habitation in man of yajads and devs 136
Regarding that which benefits man in both worlds, saves him from harm, redeems him from sin, raises him to higher rank through righteouness and turns him in the end towards the holy Ahurmazd 139
Regarding righteous and sinful men, and the different commandments about them 142
Regarding the four divisions of men... 144
Regarding rain and the work it performs, and the doers of that work... 145
The reasons why students of the good religion acquire or fail to acquire its wisdom... 149
Regarding the redemption of man from evil at the time of the final improvement, and the end of Anghra Mainiús. 150
The attainment of a better life in the next world through good deeds... 151
There is in man a good-minded power that protects his sense and intelligence... 152
Regarding the habitation in man of the understanding-power that keeps sinless... 153
Regarding the chance of obtaining power by those fond of it. 154
Regarding the irregularity of the elements that constitute earthly things 154
The greatness of Dádár Ahurmazd depends upon life of all kinds 156

The desires of Ahúrmazd are founded in reason... . .. 157
Regarding the good religion and its benefits and the evil religion and its evil consequences 158
Exposition regarding the things of this world, their creation and the work relating to them... 162
Regarding the struggle in this world, the place of the parties to and the lord of the struggle; the persons who struggle, the suppresser of the struggle, the liberator from the struggle, the person injured in the struggle, the continuer of the struggle and the end of the struggle.. 169
Regarding the improvement of this world by means of the ascendancy of the good religion and the suppression of the evil religion and the danger arising from it. 170
The manifestation of evil and of the religion of the Devs is owning to the Perverted Source... 171
Every thing in this world is dependent upon the Lord: He is in every thing and guides every thing: He depends upon no one and is not to be guided by any one.. 174
Regarding the improvement of man's life... 174
Regarding the kind of government which embarrasses Anghra Mainiús... 175
God is supreme over everything... 176
Regarding things fitted to impart perfect knowledge 178
Regarding the origin of life and the changes in it 179
Regarding the benefits arising from good rulers... 179
It is because of their possessing the attributes of Shéhrevar Ameshâspand that good kings have the power of improving their kingdom and the knowledge for improving their subjects. 183
Regarding those among the approvers of Khoreh whose ways are the best and the worst, and regarding their conduct, 185

ERRATA AND CORRIGENDA.

Page	156	*line*	6	*dele.* after deeds.
„	160	„	5	from bottom *for* man *read* men.
„	167	„	6	*dele.* after are.
„	170	„	5	*for* wordly *read* worldly.
„	175	„	5	from bottom *for* grater *read* greater.
„	183	„	7	from bottom *for* of improvement in the people *read* (requisite) for the improvement of the people.

GLOSSARY.

Page	4	*Column*	2	*line*	9	from bottom *for* sorronful *read* sorrowful.
„	5	„	2	„	10	from bottom *for* Quetty *read* Quietly.
„	7	„	1	„	6	*for* Distructive *read* Destructive.
„	8	„	1	„	1	*for* tile *read* till.
„	„	„	„	„	12	*for* clement *read* element.
„	9	„	„	„	7	*for* dead *read* deed.
„	„	„	„	„	12	*for* Afermal *read* A female.
„	„	„	„	„	21	*for* scetion *read* section.
„	11	„	2	„	13	from bottom *for* perpetual *read* perpetually.
„	15	„	„	„	2	*for* dwelling, plan *read* dwelling-place.
„	16	„	1	„	19	*for* conseirnce *read* conscience.
„	„	„	„	„	22	*for* words read word.
„	„	„	„	„	23	*before* or *insert* ১৯৬ *and after* or *insert* ৬১।
„	„	„	„	„	25	*for* and *read* end.
„	„	„	„	„	26	*before* or *insert* ১৯৬ *and after* or *insert* ৮১।

Page	16	*Column*	2	*line*	11	*for* inperer *read* injurer.
„	„	„	„	„	22, 23	*for* Incomeg, ains *read* Income gains.
„	18	„	„	„	9	*for* A evil order *read* An evil ruler.
„	„	„	„	„	17	*for* excepted *read* accepted.
„	„	„	„	„	21	*for* avorts *read* averts.
„	19	„	1	„	15	*for* the *read* one.
„	„	„	„	„	20	*for* lines *read* lives.
„	„	„	2	„	18	*for* lagerness *read* eagerness.
„	„	„	„	„	14	*for* exeitement *read* excitement.
„	20	„	1	„	1	*for* lager *read* eager.

ARCHAEOLOG... New Delhi ... LIBRARY

Exposition in the good religion regarding men of the best and the worst desires. (۱۰۳)

Be it known that, that man has the best desires, who is so anxious to obtain, in the next world, the reward of virtue, that he never rests content with doing virtuous deeds, even though he should spend all the wealth earned by him in this world upon doing (such) virtuous deeds. And that man has the worst desires, who thinks it right to amass the riches of this world.*

Exposition in the good religion regarding the remedies for that illness of the soul which is owing to want of increase in knowledge and judgment. (۱۰۴)

